RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 8 * Issue No. 92* Date: 29.01.2022 Saturday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

## ભારત બાયોટેકના ઈન્ટ્રાનેઝલ બૂસ્ટર ડોઝના ટ્રાયલને ડીસીજીઆઈની મંજૂરી

મહારાષ્ટ્ર,તા.૨૮

ઈન્ટ્રાનેઝલ કોવિડ-૧૯ બૂસ્ટર ભારતમાં કોરોના વાયરસ સામે નાક વળે આપી શકાય એવી પહેલી રસી છે. તે જ સમયે, ભારત બાયોટેક એવી બીજી કંપની છે જેણે ત્રીજા ડોઝના ટ્રાયલના ત્રીજા તબક્કા માટે અરજી કરી છે. એવું માનવામાં આવે છે કે ઈન્ટ્રાનેઝલ રસી ઓમિક્રોન સહિત કોરોના વાયરસના વિવિધ પ્રકારોના ફેલાવાને રોકવાની ક્ષમતા ધરાવે છે.

દરમિયાન, આરોગ્ય પ્રધાન મનસુખ માંડવિયાએ ગુરુવારે જણાવ્યું હતું કે DCGI એ અમુક શરતોને આધીન, પુખ્ત વસ્તીમાં ઉપયોગ માટે કોવિડ-૧૯ રસીઓ કોવિશિલ્ડ અને કોવેક્સિનનું માર્કેટિંગ કરવાની મંજૂરી આપી છે.ડ્રગ્સ કંટ્રોલર જનરલ ઓફ ઈન્ડિયા એટલે કે DCGI એ ભારત બાયોટેકને ઈન્ટ્રાનેઝલ બૂસ્ટર ડોઝના ટ્રાયલ માટે પરવાનગી આપી છે. અમદાવાદ સહિત ૯ અલગ-અલગ જગ્યાએ આ ટ્રાયલ કરવામાં આવશે. DCGIની સબ્જેક્ટ એક્સપર્ટ કમિટીએ કંપનીની ઈન્ટ્રાનેઝલ COVID-19 રસીના 'ફ્ઝ' બૂસ્ટર ડોઝ સ્ટડી' માટે 'ઈન-પ્રિન્સિપલ' મંજૂરી આપી છે. ભારત બાયોટેકને ત્રણ અઠવાડિયા પહેલા મંજૂરી માટે પ્રોટોકોલ સબમિટ કરવાનું કહેવામાં આવ્યું હતું. ૧૫ થી ૧૮ વર્ષની વયજૂથના કિશોરો માત્ર પ્રથમ અને બીજો ડોઝ જ મેળવી શકશે. આમાં પણ તેમને માત્ર કોવેક્સિન રસી લેવાની મંજૂરી આપવામાં આવી છે. પરંતુ ૧૫ વર્ષથી નીચેના બાળકોને હજુ સુધી રસી આપવામાં આવશે નહીં.

## ધંધુકા મર્ડર કેસમાં ગૃહમંત્રી હર્ષ સંઘવીએ આપ્યુ નિવેદન

# ૨૦ દિવસની દિકરીને ન્યાય અપાવીશુ : ગૃહમંત્રી હર્ષ સંઘવી

ધંધુકા,તા.૨૮

અમદાવાદ ગ્રામ્યના ધંધુકામાં મંગળવારે ફાયરિંગ કરી યુવકને મોતને ઘાટ ઉતાર્યો હતો. ઘટનાને પગલે પોલીસે તપાસ કરી તો મૃતકે થોડા સમય પહેલા ધાર્મિક વિવાદિત પોસ્ટ સોશિયલ મીડિયા પર કરી હતી. જેને લઈને પોલીસ કાર્યવાહી થઈ હતી અને અંતે સમાધાન પણ થયું હતું. જો કે ફરીવાર એ પોસ્ટને લઈને ફાયરિંગ કરી પોસ્ટ કરનારની હત્યા કરાઈ છે. જેને લઈને ગામમાં અજંપાભરી સ્થિતિ સર્જાતા અમદાવાદ જિલ્લા પોલીસે ગામમાં ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દીધો છે. ધંધુકા ફાયરિંગ મર્ડર પ્રકરણમાં ૨ આરોપીની અટકાયત કરવામાં આવી છે. જેમાં ધંધુકા ખાતેથી અમદાવાદ એસપી વીરેન્દ્રસિંહે માહિતી આપી છે. તથા પોલીસે અલગ અલગ ૭ ટીમો બનાવી ચક્રો ગતિમાન કરી ૨ આરોપીને રાઉન્ડ અપ કર્યા છે. તથા હાલ બંને આરોપીની તપાસ ચાલી રહી હોવાનું પોલીસે જણાવ્યું છે. ધંધુકાના મોઢવાડાના ડેલું પાસે મંગળવારે કિશન નામનો યુવક જુના ઘર પાસે જતો હતો. ત્યારે બાઈક પર આવેલા બે શખ્સોએ આવીને તેની પર બે રાઉન્ડ ફાયરિંગ કર્યું હતું. યુવકને સારવાર મળે તે પહેલા જ તે સ્થળ પર મૃત્યુ પામ્યો હતો. જેમાં સમગ્ર ઘટનાને પગલે મૃતક યુવકના જ્ઞાતિજનોમાં ભારે રોષ જોવા મળ્યો હતો.ધંધુકા ફાયરિંગ વીથ મર્ડર કેસમાં મોટો ખુલાસો થયો છે. જેમાં હત્યા કેસમાં બે મૌલવીની સંડોવણી સામે આવી છે. તેથી ગૃહરાજ્ય મંત્રી હર્ષ સંઘવી ધંધુકા જવા તાબડતોડ ધંધુકા આવ્યા છે. જેમાં ગૃહરાજ્ય મંત્રી હર્ષ સંઘવીએ ગામના આગેવાનો તથા ઉચ્ચ અધિકારી સાથે બેઠક કરી છે. તથા મૃતકના પરિવારને ન્યાય મળશે તેવી ખાતરી આપી છે. તથા ૨૦ દિવસની દિકરીને ન્યાય અપાવીશુ તેમ પણ – ગૃહરાજ્ય મંત્રીએ જણાવ્યું છે. ગૃહરાજ્ય મંત્રીએ ગઈકાલે ટ્વિટ કરી પણ આ ઘટના વિશે માહિતી આપી હતી. હર્ષ સંઘવીએ સમાજના આગેવાનો સાથે મુલાકાત કરી છે. તથા શહેર, ગામડાઓમાં અફવા ન ફેલાઈ તેની તકેદારી રખાશે તેમ જણાવ્યું છે. તેમજ સોશિયલ મીડિયા પર પણ પોલીસની નજર છે. સમાજના અગ્રણીઓ અને આગેવાનો સાથે મુલાકાત કરી દરેકને શાંતિ માટે જવાબદારી સોંપવામાં આવી છે. બહુ જ ઓછા સમયમાં આરોપીઓને સજા પણ થશે. તેમજ કિશનને ન્યાય અપાવવા માટે રાજ્ય સરકાર સક્રિય છે. તથા ૨૦ દિવસની દિકરીને ન્યાય અપાવીશું. અને ગુજરાતમાં આ પ્રકારની ઘટનાઓ ન બને તેનું ધ્યાન રખાશે. અમદાવાદ અને મુંબઈના બે મૌલવીની ભૂમિકા સામે આવી છે. જેમાં અમદાવાદના મૌલવીએ હત્યારાને હથિયાર આપ્યા હતા. અને ષડયંત્રના ભાગરૂપે ઘટનાને અંજામ અપાયો હતો. ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી મૃતકના પરિવારની મુલાકાત કરી શકે છે. આ મામલે હવે સૌથી મોટો ઘટસ્ફોટ થયો છે. કિશન બોળિયાની હત્યામાં અમદાવાદ અને મુંબઈના બે મૌલવીની સંડોવણી સામે આવી છે. હત્યારાઓને ઘટનાને અંજામ આપવા માટેનાં હથિયાર અમદાવાદના મૌલવીએ આપ્યાં હોવાનું સામે આવ્યું છે. ધંધુકા ફાયરિંગ વીથ મર્ડરના કેસમાં છહ્ઠ્ઠૅ નરસિમ્હા કોમારે નિવેદન આપ્યું છે કે SRPની ૨ કંપની તૈનાત કરાઈ છે. તેમાં રેન્જ IG,જિલ્લા SP તપાસ કરશે. તથા આજ સાંજ સુધી રિપોર્ટ સોંપશે. તથા અત્યાર સુધી ૨ આરોપીની અટકાયત કરવામાં આવી છે. જેમાં આરોપીઓની ઓળખ પરેડ કરાશે. તથા સંડોવાયેલા અન્ય ઈસમો અંગે તપાસ કરવામાં આવી છે. આરોપીઓના હથિયારની રિકવરી અને તેમના સાથે સંકળાયેલા અન્ય ઈસમોની સંડોવણી અંગે તપાસ થઈ રહી છે. તથા બે આરોપી પૈકી એકનું નામ શબ્બીર છે. તેમજ ફાયરિંગ કરનાર આરોપીઓની તસવીર સામે આવી છે.



## ગેરકાયદેસર અમેરિકામાં પ્રવેશેલા ૭ ભારતીયોને પરત મોકલવાની પ્રક્રિયા ચાલુ

નવીદિલ્હી,તા.૨૮

અમેરિકામાં ગેરકાયદેસર રીતે પ્રવેશ કરતી વખતે અમેરિકા-કેનેડા સરહદ નજીક ધરપકડ કરાયેલા સાત ભારતીય નાગરિકોને બોર્ડર પરથી મુક્ત કરવામાં આવ્યા છે અને તેમને પાછા મોકલવાની પ્રક્રિયા ચાલી રહી છે. એક નિવેદનમાં આ માહિતી આપવામાં આવી છે. નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે "ગયા અઠવાડિયે ગેરકાયદેસર રીતે યુનાઈટેડ સ્ટેટ્સમાં પ્રવેશેલા તમામ સાત ઈમિગ્રન્ટ્સને દેશનિકાલ કરવાની પ્રક્રિયા ઈમિગ્રેશન એન્ડ નેશનાલિટી એક્ટ હેઠળ પ્રગતિમાં છે." રિકોને લઈ જઈ રહ્યો હતો, જેઓ અમેરિકામાં ગેરકાયદેસર રીતે રહેતા હતા. શેંડની ૧૯ જાન્યુઆરીએ યુએસ-કેનેડા બોર્ડર પર ધરપકડ કરવામાં આવી હતી. પાંચ ભારતીય નાગરિકોએ અધિકારીઓને જણાવ્યું હતું કે તેઓ કેનેડાની સરહદ પાર કરી ગયા હતા એ આશામાં કે કોઈ તેમને પોતાની સાથે લઈ જશે. અમેરિકી અધિકારીઓના જણાવ્યા અનુસાર ગેરકાયદેસર રીતે સરહદ પાર કરનાર ગેંગે અકસ્માતનો ભોગ બનેલા લોકો સહિત ઘણા લોકોને પૈસાની મદદની લાલચ આપી હતી. જ્યારે કેટલાક લોકો કેનેડાથી અમેરિકા બોર્ડરની અંદર આવ્યા, ત્યારે અમેરિકા બોર્ડર પોલીસ દ્વારા તેઓને પકડી લેવામાં આવ્યા હતા.

## પ્રમોશનમાં અનામતના મુદ્દે શરતો ઘટાડવાનો સુપ્રિમ કોર્ટનો ઈનકાર

નવીદિલ્હી,તા.૨૮

સુપ્રીમ કોર્ટે સરકારી નોકરીઓમાં અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ માટે પ્રમોશનમાં અનામતના મુદ્દે મહત્વનો ચૂકાદો આપ્યો છે. સુપ્રીમ કોર્ટે SC/ST માટે અનામતની શરતોને હળવી કરવાનો ઈનકાર કર્યો છે. ચુકાદો સંભળાવતા સુપ્રીમ કોર્ટે કહ્યું કે આંકડાઓ વિના નોકરીમાં પ્રમોશનમાં અનામત આપી શકાય નહીં. પ્રમોશનમાં અનામત આપતા પહેલા રાજ્ય સરકારોએ આંકડાઓ દ્વારા સાબિત કરવું પડશે કે SC/STનું પ્રતિનિધિત્વ ઓછું છે. સમીક્ષાનો સમયગાળો કેન્દ્ર સરકારે નક્કી કરવો જોઈએ. અગાઉ, સર્વોચ્ચ અદાલતે કહ્યું હતું કે તે એસસી અને એસટીને પ્રમોશનમાં અનામત આપવાના નિર્ણયને ફરીથી ખોલશે નહી કારણ કે તે રાજ્યોને નક્કી કરવાનું છે કે તેઓ તેનો અમલ કેવી રીતે કરે છે.એસસી/એસટીને અસ્પૃશ્ય ગણવામાં આવતા હતાઃ એટર્ની જનરલ એટર્ની જનરલે કહ્યું હતું કે SC/STને અસ્પૃશ્ય ગણવામાં આવતા હતા. અને તેઓ બાકીના લોકોની વસ્તી સાથે સ્પર્ધા કરી શકતા નહોતા. તેથી અનામત હોવી જોઈએ.

વેણુગોપાલે સર્વોચ્ચ અદાલતમાં નવ રાજ્યોના આંકડા ટાંક્યા હતા અને જણાવ્યુ હતુ કે, બધાએ સમાનતાના સિદ્ધાંતનું પાલન કર્યું છે જેથી યોગ્યતાનો અભાવ તેમને મુખ્ય પ્રવાહથી વંચિત ન કરે. દેશમાં પછાત વર્ગોની કુલ ટકાવારી ૫૨ ટકા છે. જો રેશિયો લો તો ૭૪.૫ ટકા રિઝર્વેશન આપવું પડે, પરંતુ અમે કટ ઓફ ૫૦ ટકા નક્કી કર્યું છે. જો સર્વોચ્ચ અદાલત માત્રાત્મક ડેટા અને પ્રતિનિધિત્વની પર્યાપ્તતાના આધારે અનામતનો નિર્ણય રાજ્યો પર છોડી દે, તો આપણે જ્યાંથી શરૂઆત કરી હતી ત્યાં પાછા પહોંચી જઈશું.જસ્ટિસ એલ.

નાગેશ્વર રાવની આગેવાની હેઠળની ત્રણ ન્યાયાધીશોની બેન્ચે એટર્ની જનરલ કેકે વેણુગોપાલ, એડિશનલ સોલિસિટર જનરલ બલબીર સિંહ અને વિવિધ રાજ્યો તરફથી હાજર રહેલા અન્ય વરિષ્ઠ વકીલો સહિત તમામ પક્ષકારોને સાંભળ્યા હતા. બેંચમાં જસ્ટિસ સંજીવ ખન્ના અને જસ્ટિસ બીઆર ગવઈ પણ સામેલ છે. બેન્ચે ૨૬ ઓક્ટોબર ૨૦૨૧ના રોજ પોતાનો નિર્ણય અનામત રાખ્યો હતો. નિર્ણય અનામત રાખતા કોર્ટે કહ્યું હતું કે કોર્ટ માત્ર આ મુદ્દા પર નિર્ણય લેશે કે શું અનામત ગુણોત્તર પર્યાપ્ત પ્રતિનિધિત્વ પર આધારિત હોવું જોઈએ કે નહીં. કેન્દ્રએ બેન્ચને કહ્યું હતું કે એ વાત સાચી છે કે દેશની આઝાદીના ૭૫ વર્ષ પછી પણ એસસી/એસટી સમુદાયના લોકોને આગળના વર્ગની જેમ બુદ્ધિમત્તાના સ્તરે લાવવામાં આવ્યા નથી. વેણુગોપાલે દલીલ કરી હતી કે એસસી અને એસટી સમુદાયના લોકો માટે ગ્રુપ 'એ' કેટેગરીની નોકરીઓમાં ઉચ્ચ પદ મેળવવું વધુ મુશ્કેલ છે અને હવે સમય આવી ગયો છે કે સર્વોચ્ચ અદાલત દ્વારા, SC/S્ અને OBC (અન્ય પછાત વર્ગો) માટે ખાલી જગ્યાઓ ભરવા માટે કહેવામાં આવે.

## ગોડસે અને ગાંધીજી પર બનેલ ફિલ્મ પર પ્રતિબંધ મૂકવા સુપ્રીમ કોર્ટમાં અરજી

નવીદિલ્હી,તા.૨૮

ઓટીટી પ્લેટફોર્મ પર ફિલ્મોની રિલીઝ પર પ્રતિબંધ હોવાના ભાગ્યે જ કોઈ અહેવાલો છે કારણ કે, તે બધી સ્વતંત્ર રીતે કામ કરે છે. ઘણા વર્ષોથી આ ચર્ચા ચાલી રહી છે કે ઓટીટી સેન્સર કરવું યોગ્ય છે કે ખોટું. મોટા પડદાની ફિલ્મોની જેમ ઓટીટી પર જેટલા નિયમો અને કાયદા નથી. આ દરમિયાન ઓટીટી રિલીઝને લગતો વધુ એક વિવાદ સામે આવ્યો છે. ગાંધી અને ગોડસે પર બનેલી ફિલ્મ ઉરઅ I Killed Gandhiની રિલીઝ પર પ્રતિબંધ મૂકવાનો મામલો તેજ બન્યો છે. આ ફિલ્મની રિલીઝને રોકવા માટે તેની સામે સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરવામાં આવી છે. આ અરજીમાં કહેવામાં આવ્યું છે કે ફિલ્મને સેન્સર બોર્ડ દ્વારા મંજૂરી આપવામાં આવી નથી, તેમ છતાં ફિલ્મને ઓટીટી લેટફોર્મ પર રિલીઝ કરવામાં આવી રહી છે. બાર એન્ડ બેંચના અહેવાલ મુજબ વકીલ અનુજ ભંડારીએ સિકંદર બહલ દ્વારા ગાંધી અને ગોડસે પરની ફિલ્મ વિરુદ્ધ સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરી છે. અરજીકર્તાના કહેવા પ્રમાણે ફિલ્મમાં મહાત્મા ગાંધીની છબીને બદનામ કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. આ ફિલ્મ દ્વારા નફરત ફેલાવવાનો અને શાંતિ ભંગ કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. તેથી આ ફિલ્મ પર પ્રતિબંધ મુકવો જોઈએ. તેમને આ ફિલ્મની રિલીઝ સામે સખત વાંધો છે. આ અરજીમાં અનુજ ભંડારીએ એવો પણ ઉલ્લેખ કર્યો છે કે ફિલ્મને સેન્સર બોર્ડ દ્વારા મંજૂરી આપવામાં આવી નથી.

## ભારત-ચીન સરહદ પર તણાવને લઈને અમેરિકાના નિવેદન પર ચીન ગુસ્સે

નવીદિલ્હી,તા.૨૮

ચીનના સંરક્ષણ મંત્રાલયના પ્રવક્તા વુ કિયાને કહ્યું "કેટલાક અમેરિકન રાજકારણીઓ 'દમન' શબ્દનો ઉપયોગ કરવા માટે એટલા ટેવાયેલા છે કે તેઓ ભૂલી ગયા છે કે યુએસ 'દબાણની મુત્સદ્દીગીરી'નો શોધક અને માસ્ટર પ્લેયર છે." ક્વિઆને કહ્યું. ન તો કોઈના પર દબાણ લાવે છે ન કોઈના દબાણમાં આવે છે. તે અમેરિકાની પ્રેશર ડિપ્લોમસીનો સખત વિરોધ કરે છે. ચીનના સંરક્ષણ મંત્રાલયના પ્રવક્તાએ ગુરુવારે પોતાની માસિક પ્રેસ કોન્ફરન્સમાં આ વાત કહી. તેમણે કહ્યું કે અમે ભારત સાથે નજીકના સંપર્કમાં રહીને સરહદ વિવાદનો ઉકેલ લાવીશું. વ્હાઈટ હાઉસના પ્રવક્તાએ કહ્યું હતું કે અમેરિકા ચીન-ભારત સરહદ પરની સ્થિતિ પર નજીકથી નજર રાખી રહ્યું છે અને ભારત અને અન્ય પડોશીઓ પર દબાણ કરવાના ચીનના વલણથી ચિંતિત છે. ચાઈના સી અને ઈન્ડો-પેસિફિક ક્ષેત્રમાં ચીનની વધી રહેલી દખલગીરી અને યુક્રેન સંકટ વચ્ચે તાઈવાન પર હુમલો નહીં કરવાની ધમકી આપતા અમેરિકાએ કહ્યું કે તેણે તેની હરકતોથી દૂર રહેવું જોઈએ. વ્હાઈટ હાઉસના પ્રેસ સેક્રેટરી જેન સાકીએ કહ્યું "યુએસ એ ખૂબ જ સ્પષ્ટ છે કે દેશ ન્છઞ અને સમગ્ર વિશ્વમાં બેઈજિંગના વર્તનને કેવી રીતે જુએ છે." અમે માનીએ છીએ કે આ અસ્થિર થઈ શકે છે. અમે પીપલ્સ રિપબ્લિક ઓફ ચાઈનાના અમારા પડોશીઓને ડરાવવાના પ્રયાસથી ચિંતિત છીએ. અમે વાતચીત અને આ સરહદ વિવાદોના શાંતિપૂર્ણ સમાધાનને સમર્થન આપવાનું ચાલુ રાખીએ છીએ. ચીનના સંરક્ષણ મંત્રાલયે કહ્યું છે કે બંને પક્ષો વચ્ચે ૧૪મા રાઉન્ડની વાતચીત સકારાત્મક અને રચનાત્મક રહી છે. ચીન વાતચીત અને પરામર્શ દ્વારા સરહદ મુદ્દાને ઉકેલવા માટે કામ કરશે. તેમણે જણાવ્યું કે આ વાતચીતમાં ચાર સમજૂતી થઈ છે. "ચીન વાતચીત અને પરામર્શ દ્વારા સરહદ મુદ્દાને યોગ્ય રીત હેન્ડલ કરવા માટે ભારતીય પક્ષ સાથે નજીકથી કામ કરશે."ભારત-ચીન સરહદ પર તણાવને લઈને અમેરિકાના નિવેદન પર ચીન ગુસ્સે છે. ચીનના સંરક્ષણ મંત્રાલયે આ મુદ્દે ત્રીજા પક્ષની દખલગીરીનો વિરોધ કર્યો છે. ચીનનું નિવેદન અમેરિકાની આકરી ટીકા બાદ આવ્યું છે, જેમાં કહેવામાં આવ્યું છે કે તે ભારત સહિત તેના પડોશીઓ પર દબાણ કરવાના બેઈજિંગના પ્રયાસો અંગે ચિંતિત છે.

## એઈમ્સએ સ્ટડી માટે આઈસીએમઆરને એક પ્રસ્તાવ રજૂ કર્યો

,નવીદિલ્હી,તા.૨૮

દેશભરની હોસ્પિટલોમાં આવા કેસના અહેવાલો ચાલી રહ્યા છે, AIIMS-દિલ્હીએ પોતે ૫૦થી વધુ દર્દીઓની સારવાર કરી છે. મુંબઈની નાણાવટી હોસ્પિટલે ૧૦ AVN દર્દીઓ માટે હિપ રિપ્લેસમેન્ટ કર્યું હતું અને દિલ્હી, મુંબઈ અને અન્ય શહેરોની અન્ય કેટલીક હોસ્પિટલોમાં સરેરાશ ૧૦ કેસ નોંધાયા હતા. AIIMS ખાતે ઓર્થોપેડિક્સના વડા અને ટ્રોમા સેન્ટરના વડા ડૉ. રાજેશ મલ્હોત્રા દ્વારા ICMRને મલ્ટિસેન્ટ્રિક અભ્યાસ માટેની દરખાસ્ત સબમિટ કરવામાં આવી હતી. દિલ્હી, મહારાષ્ટ્ર, કર્ણાટક અને કેરળ જેવા વિસ્તારો કે જયાં બીજી લહેર દરમિયાન સૌથી વધુ કોરોના કેસ નોંધાયા છે, તેને આવરી લેવામાં આવે તેવી અપેક્ષા છે. જો ICMR ગ્રાન્ટ માટેની અમારી દરખાસ્તને મંજૂર કરે છે તો તેઓ અભ્યાસનો ભાગ બનવા માટે પ્રોટોકોલ મુજબ સમગ્ર ભારતમાં કેન્દ્રોની ભરતી કરી શકે છે. બીજી લહેરમાં ઘણા દર્દીઓ ન્યુમોનિયાથી મૃત્યુ પામ્યા હતા, મુખ્યત્વે ડેલ્ટા વેરિઅન્ટને કારણે જેને steroidsના ભારે ડોઝની જરૂર પડે છે. AIIMSમાં 50 AVN કેસમાંથી માત્ર ૧૨ને તેમની કોરોના સારવાર દરમિયાન સ્ટેરોઈડ્સ મળ્યા ન હતા અને લગભગ ૬૦ ટકા મહિલાઓ હતી. હોસ્પિટલમાં કુલ પાંચ દર્દીઓએ હિપ રિપ્લેસમેન્ટ કરાવ્યું હતું. ડોકટરોના જણાવ્યા અનુસાર AVNથી પીડિત મોટાભાગના કોરોના દર્દીઓ ૩૫-૪૫ વર્ષની વયના છે. AVNએ કોઈ નવો રોગ નથી અને કોવિડ પહેલા ધૂમ્રપાન, આલ્કોહોલ અને અન્ય સ્વાસ્થ્ય પરિસ્થિતિઓ સાથે સંકળાયેલા સ્ટેરોઈડ-ઉપયોગને કારણે કેસો જોવા મળ્યા હતા.

## વડાપ્રધાન મોદીએ એનસીસી ટુકડીઓના માર્ચ પાસ્ટનું નિરીક્ષણ કર્યું



નવીદિલ્હી,તા.૨૮

આ કાર્યક્રમમાં વડાપ્રધાન ગાર્ડ ઓફ ઓનરનું નિરીક્ષણકરી નેશનલ કેડેટ કોર્પ્સ ટુકડીઓના માર્ચ પાસ્ટની સમીક્ષા કરશે અને નેશનલ કેડેટ કોર્પ્સ કેડેટ્સને લશ્કરી કાર્યવાહી, સ્લિથરિંગ, માઈક્રોલાઈટ એરક્રાફ્ટમાં ઉડ્ડયન, પેરાસેલિંગ તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમોમાં તેમનું ઉત્કૃષ્ટ કૌશલ્ય પ્રદર્શિત કરશે. શ્રેષ્ઠ કેડેટ્સને વડાપ્રધાન દ્વારા મેડલ અને બેટન આપવામાં આવશે. જણાવી દઈએ કે આ નેશનલ કેડેટ કોર્પ્સ કેમ્પમાં દેશના ૧૭ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોની ૫૦૦ સપોર્ટ સ્ટાફ અને ૩૮૦ છોકરીઓ સહિત ૧૦૦૦ કેડેટ્સ ભાગ લઈ રહ્યા છે. તે જ સમયે, તે આજે એટલે કે શુક્રવારે પીએમ કાર્યક્રમ અને રેલી સાથે સમાપ્ત થશે. અગાઉ, ગયા વર્ષે ૨૦૨૧ માં આ જ દિવસે, પીએમએ એનસીસી સાથે સંબંધિત અન્ય પ્રસંગે કેડેટ્સનું સન્માન કર્યું હતું. દિલ્હીના કરિઅપ્પા ગ્રાઉન્ડમાં આયોજિત સમારોહમાં પીએમ મોદીએ એનસીસી પરેડ બાદ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનારા કેડેટ્સને પણ સંબોધિત કર્યા હતા. પીએમઓ દ્વારા જાહેર કરાયેલા નિવેદન અનુસાર, આ રેલીનું આયોજન દર વર્ષે ૨૮ જાન્યુઆરીએ પ્રજાસત્તાક દિવસની ઉજવણીમાં એનસીસી કેડેટ્સની પરેડ પૂરી થયા બાદ કરવામાં આવે છે. જણાવી દઈએ કે બુધવારે દેશભરમાં ૭૩માં ગણતંત્ર દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આખો દેશ 'આઝાદી કા અમૃત મહોત્સવ' ઉજવી રહ્યો છે.વડા પ્રધાન નરેન્દ્ર મોદી દિલ્હીના કરિઅપ્પા ગ્રાઉન્ડ પર પહોંચ્યા છે અને તેઓ નેશનલ કેડેટ કોર્પ્સ ટુકડીઓના માર્ચ પાસ્ટનું નિરીક્ષણ કરી રહ્યા છે.

## તંત્રી સ્થાનેથી...

# ઘણા સમયથી ચાલી રહેલ રશિયા યુક્રેન પર શું યુદ્ધ થશે ?



***રશિયાની મુખ્ય માંગણીઓમાં નાટોના વિસ્તરણને રોકવા અને આ ક્ષેત્રમાંથી આવા શસ્ત્રો દૂર કરવા છે, જે રશિયાને ખતરો બની શકે. લાવરોવે પત્રકારોને જણાવ્યું હતું કે અમેરિકાના પ્રતિસાદ બાદ ટોચના અધિકારીઓ હવે રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિનને તેમની દરખાસ્તો સુપરત કરશે. પેસ્કોવે કહ્યું કે રશિયાનો જવાબ ટૂંક સમયમાં સામે આવશે. પેસ્કોવે એમ પણ કહ્યું કે પુતિન અને યુએસ પ્રમુખ જો બાઈડન નક્કી કરશે કે ગયા મહિને બે વાટાઘાટો પછી તેઓએ બીજી વખત વાતતીત કરવાની જરૂર છે કે કેમ.રશિયાએ જણાવ્યું હતું કે યુક્રેન સંકટને ઉકેલવા માટે હજુ પણ વાતચીત શક્ય છે. રશિયાએ યુક્રેનની સરહદ નજીક ૧,૦૦,૦૦૦થી વધુ સૈનિકો તૈનાત કર્યા છે, જેનાથી આ ક્ષેત્રમાં યુદ્ધની આશંકા વધી છે. રશિયાએ સતત એ વાતનો ઈનકાર કર્યો છે કે તે હુમલાની યોજના બનાવી રહ્યું છે, પરંતુ યુએસ અને તેના નાટો સહયોગીઓ માને છે કે રશિયા યુદ્ધ તરફ આગળ વધી રહ્યું છે અને તેની તૈયારી કરી રહ્યું છે. રશિયાએ અનેક માગણીઓ કરી છે, જેનું કહેવું છે કે યુરોપમાં સુરક્ષાની સ્થિતિ સુધરશે. અમેરિકા અને પશ્ચિમી ગઠબંધને બુધવારે મોસ્કોના મુખ્ય મુદ્દાઓ પરની કોઈપણ છૂટછાટોને ભારપૂર્વક નકારી કાઢી હતી. યુ.એસ.એ નાટોમાં જોડાવા માટે યુક્રેનને કાયમી ધોરણે પ્રતિબંધિત કરવાનો ઈનકાર કર્યો છે અને કહ્યું છે કે પૂર્વ યુરોપમાં સૈનિકો અને લશ્કરી સાધનોની સાથી તૈનાતીના મુદ્દા પર કોઈ વાતચીત થશે નહીં. જો કે, તણાવ ઘટાડવા માટે યુએસએ એવા ક્ષેત્રોની રૂપરેખા આપી છે, જ્યાં રશિયાની કેટલીક ચિંતાઓને દૂર કરી શકાય છે. યુએસ સેક્રેટરી ઓફ સ્ટેટ એન્ટની બ્લિંકને કહ્યું "વધારામાં કોઈ ફેરફાર નથી, ના કોઈ ફેરફાર થશે નહીં. યુએસ પ્રતિસાદ અને નાટોના સમાન પ્રતિસાદ પછી "આશાવાદ માટે થોડી જગ્યા છે." તેમણે કહ્યું કે "વાતચીત ચાલુ રાખવાની સંભાવનાઓ રહે છે, તે આપણા અને અમેરિકનો બંનેના હિતમાં છે, ગંભીર વાટાઘાટો શરૂ થઈ શકે છેલ્. પરંતુ તે ભારપૂર્વક જણાવે છે કે "યુએસ પ્રતિસાદ દસ્તાવેજમાં રશિયાની મુખ્ય માંગણીઓ માટે સકારાત્મક પ્રતિસાદ નથી.***

# પરમાત્માની અનુભૂતિથી જ આનંદની પ્રાપ્તિ

એક રાજાએ પોતાના બાગમાં બેસીને આદેશ આપ્યો કેઃ આ બાગમાંની જે ચીજવસ્તુ જેને સારી લાગે તેને હાથ અડકાડી દેવાથી તે વસ્તુ તેની થઈ જશે.એક વ્યક્તિ બાગમાં આવ્યો,તે સમગ્ર બાગમાં ફરીને ગોઠવેલી તમામ ચીજવસ્તુઓ પાસે વારાફરતી ઉભો રહીને જોવા લાગ્યો.તેમના રાજયમાંથી બીજા આવેલા વ્યક્તિઓએ પણ તેના જેવું જ કર્યું.તેમને જે ચીજવસ્તુઓ સારી લાગી તે ચીજવસ્તુઓ લેવા લાગ્યા,પરંતુ એક બુધ્ધિશાળી વ્યક્તિ બાગમાં દાખલ થયો.બાગમાં ગોઠવેલી તમામ ચીજવસ્તુઓને નિહાળીને સીધો રાજાની પાસે પહોચી ગયો અને રાજાને જ સીધો પ્રશ્ન પૂછ્યો કેઃ આ બાગમાં ગોઠવેલી તમામ ચીજવસ્તુઓમાં આપનો પણ સમાવેશ છે..? રાજાએ કહ્યું કેઃ હા.. બાગમાંની તમામ ચીજવસ્તુઓની સાથે સાથે હું પણ સામેલ છું જ..! તે વ્યક્તિએ તુરંત જ પોતાનો હાથ રાજાની ઉપર મુકી દીધો.શરત અનુસાર રાજા તેમના બની ગયા.રાજા પોતાના બની જતાં જ તુરંત જ તેને રાજયની તમામ ચીજવસ્તુઓ પામી લીધી,તેવી જ રીતે અમે પણ એક નિર્ગુણ નિરાકાર પ્રભુ પરમાત્માની પ્રત્યક્ષ અનુભૂતિ કરી લઈને સર્વસ્વ પામી જઈએ છીએ અને અમે જો પ્રભુ પરમાત્માને પોતાના જીવનનું અંગ બનાવી લેતા નથી, અમો એક પ્રભુ પરમાત્માની જાણકારી કરી લેતા નથી તો સર્વ કંઈ ખોઈ બેસીએ છીએ.. વર્તમાન સમયમાં માનવ દુઃખી અને પરેશાન છે કારણ કેઃ માનવ માનવ વચ્ચેનું અંતર વધ્યું છે. આ અંતર વધવાનું કારણ છે આ પ્રભુ પરમાત્મને માનવ ભુલી ગયો છે.પ્રભુ પરમાત્માને પોતાના



જીવનનું અંગ બનાવવાથી જ સંસારનાં તમામ સુખો અને આનંદ મળે છે. સર્વવ્યાપક હોવા છતાં માનવ તેને ભૂલીને ઠોકરો ખાય છે. પ્રભુ સર્વવ્યાપક હોવા છતાં જ્યારે આપણે પ્રભુ પરમાત્માને ભુલી જઈએ છીએ તો માનવ મનમાં તે ગેરહાજર બની જાય છે.

એક વ્યક્તિ ચાલતાં ચાલતાં રસ્તાની બાજુ પરના થાંભલા સાથે ટકરાઈ જાય છે.તેને ઈજાઓ પહોચે છે.કોઈએ તેમને પૂછ્યું કેઃભાઈ સાહેબ..! શું આપશ્રીની નજર(દ્રષ્ટિ ) કમજોર બની ગઈ છે..? આંખોમાં નંબર આવી ગયા છે..? ત્યારે તે વ્યક્તિએ જવાબ આપ્યોં કેઃ મારી આંખો તો બિલ્કુલ બરાબર છે. હમણાં મહીના પહેલાં જ આંખોના સ્પેશ્યાલીસ્ટ પાસે આંખોની તપાસ કરાવી હતી અને તેમને મારી આંખો બિલ્કુલ સારી હોવાનું જણાવ્યું હતું. તેમછતાં પણ આપ રસ્તાની બાજુના થાંભલા સાથે કેવી રીતે ટકરાઈ ગયા.. ત્યારે પેલી વ્યક્તિ કહે છે કેઃમારી આંખોમાં રોશની જે મસ્તિષ્કમાંથી આવે છે તે પણ યોગ્ય રીતે કાર્ય કરી રહી છે પરંતુ શું કરૂં..? હું જ્યારે ચાલી રહ્યો હતો ત્યારે મારૂ ધ્યાન કંઈક બીજી તરફ હતું. હું વિચારોમાં વ્યસ્ત બની શરીરથી ચાલી રહ્યો હતો. આમ,મસ્તિષ્કમાંથી રોશની પણ આવી રહી છે.. બાહ્ય આંખોમાં કોઈ ગરબડ ના હોવા છતાં રસ્તાની બાજુમાંના થાંભલાની સાથે માનવી અથડાઈ જાય છે કારણ કેઃ ધ્યાન કંઈક બીજી જગ્યાએ લાગેલું હતું.શરીર ચાલતું હતું પરંતુ મનની ગેરહાજરી હતી જેના કારણે થાંભલા સાથે ટકરાઈ ઈજા પહોંચી રહી છે,તેવી જ રીતે જ્યારે નિરાકાર પ્રભુ પરમાત્માનું ધ્યાન આ મનમાંથી હટી જાય છે તો પ્રભુ માનવ જીવનમાંથી ગેરહાજર બની જાય છે. જ્યારે જ્યારે માનવ આ નિરાકાર પ્રભુ પરમાત્માને મનથી ભુલી જાય છે તેનું પ્રભુની સાથેનું ધ્યાન ભંગ થાય છે ત્યારે ત્યારે તે અશાંતિમાં ડૂબી જાય છે, આનંદથી દૂર થતો જાય છે.આ પ્રભુ પરમાત્માને જેને પણ અંતરમાં સ્થાન આપ્યું છે, પ્રભુની યાદમાં મસ્ત છે, પ્રભુના ધ્યાનમાં મસ્ત છે, વાસ્તવમાં તે જ સાચો આનંદ પ્રાપ્ત કરે છે.પ્રભુના ધ્યાનમાં મસ્ત બની જીવવાથી સંસારના તમામ સાધનોમાંથી આનંદ પ્રાપ્ત થાય છે. જીવનનો માર્ગ સરળ બની જાય છે. આપણે જે રસ્તા ઉપરથી પસાર થઈ રહ્યા છીએ તે રસ્તા ઉપર પુષ્કળ કાંટાઓ વિખરાયેલા પડ્યા છે, તે એક એક કાંટાને દૂર કરવા આપણાથી સંભવ નથી, પરંતુ જેને પગમાં મજબૂત પગરખાં પહેરેલાં છે તેના માટે સમગ્ર પૃથ્વી ઉપર ચામડું જ મઢેલું છે.. તેમને કાંટા વાગી શકતા નથી તેવી જ રીતે જેના ધ્યાનમાં હંમેશાં પ્રભુ પરમાત્મા રહે છે તેના માટે સમગ્ર ધરતી ઉપર સુખ જ પથરાયેલું છે તેને દુઃખરૂપી કાંટા પરેશાન કરી શકતા નથી.

સંકલનઃસુમિત્રાબેન દાદુભાઈ નિરંકારી
છક્કડીયા(ધાણીત્રા) તા.ગોધરા
sumi7875@gmail.com

### શ્રી ગુરૂકૃપા આશ્રમ-આણંદપર સંચાલીત કામધેનુ ગૌશાળામાં લુલી–લંગડી ગાયોનું આશ્રય સ્થાન

# પશુપાલન મંત્રી રાઘવજીભાઈ પટેલ, રાષ્ટ્રીય કામધેનુ આયોગના પૂર્વ ચેરમેન ડો. વલ્લભભાઈ કથીરિયાની ઉપસ્થિતિમાં જીવદયા શ્રેષ્ઠીઓની મીટીંગ યોજાશે



મહંત શ્રી અખંડઆનંદ ભારતી બાપુ (ઉપલેટા મોજ આશ્રમ), ગુરૂશ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર વિધ્વંભરભારતી બાપુ (ભારતી આશ્રમ, જુનાગઢ/ સરખેજ) વર્તમાન આશ્રમ શ્રી અખંડઆનંદ ભારતી બાપુ આણંદપર કામધેનુ ગૌશાળા ગુરૂકૃપા આશ્રમ, આણંદપર– નિકાવા હાઈવે ખાતે લુલી-લંગડી–અસહાય ગૌમાતાઓની સેવા થઈ રહી છે ગૌશાળામાં ૬૦ ગૌમાતાનો નિભાવ થઈ રહયો છે. ગૌબર અને ગૌમૂત્રમાંથી પંચગવ્ય ઉત્પાદનો બનાવવામાં આવી રહયાં છે. સાધ્વી રાધાનંદ ભારતીજી ગુરૂશ્રી અખંડઆનંદ ભારતી બાપ (મોજ આશ્રમ ઉપલેટા, રાષ્ટ્રીય ગોરક્ષા વાહિની મહારાષ્ટ્ર અધ્યક્ષ) દ્વારા પંચગવ્ય ઉત્પાદન કરવાનું કાર્ય કરી રહયા છે. અયોધ્યા અને ઉતરપ્રદેશમાં ઘણાબધા પંચગવ્યો ઉત્પાદનના કાર્યો સાધ્વી રાધાનંદ ભારતીજીએ કર્યા છે તથા ગૌકથાઓના માધ્યમથી લોકોને જાગૃત કરવા, ગૌસેવા માટે પ્રેરીત કરવા, કિશાન ભાઈઓને ગૌમાતથી જોવા, ગૌરક્ષા આંદોલન કરવા, ગૌરક્ષામાં સહભાગી થવા, પંચગવ્યના ઉત્પાદન થકી તેનું વેંચાણ કરવા તથા કથાઓના માધ્યમથી ગૌશાળાઓને આર્થિક સહાય તથા સ્વાવલંબી કરવા તથા દરેક સ્કૂલ, કોલેજોમાં જઈને શહેર તથા ગામડાઓમાં જઈને ગૌમાતાનું મહત્વ સમજાવીને ગૌપ્રોડકટસ વાપરવા સમજાવવા, દેશી ગૌમાતાઓને બચાવવા જનજાગૃતિ કરવાનો સાધ્વી રાધાનંદ ભારતીજીનો મુખ્ય ધ્યેય છે. રવિવારે તા. ૩૦ નાં રોજ શ્રી કામધેનુ ગૌશાળા, શ્રી ગુરૂકૃપા આશ્રમ (હનુમાનધાર), રાજકોટ-કાલાવડ રોડ, મું. આણંદપર, તા. કાલાવડ, જી. જામનગર ખાતે પશુપાલન મંત્રી રાઘવજીભાઈ પટેલ, રાષ્ટ્રીય કામધેનુ આયોગના પૂર્વ ચેરમેન ડો. વલ્લભભાઈ કથીરિયા, એનીમલ વેલફેર બોર્ડના મિતલ ખેતાણી, જાહેર જીવનના અગ્રણી મુરલીભાઈ દવે, વરિષ્ઠ અગ્રણી ભરતભાઈ મહેતા, શ્રીજી ગૌશાળાના રમેશભાઈ ઠકકર, એનીમલ હેલ્પલાઈનના ધીરૂભાઈ કાનાબાર, પ્રતિક સંઘાણી, મનસુખભાઈ જેસડીયા (સરપંચ— આણંદપર), રાજેશભાઈ મારવીયા (સરપંચ—નિકાવા) સહિતની ઉપસ્થિતિમાં જીવદયા શ્રેષ્ઠીઓની મીટીંગ યોજાશે.

શ્રી ગોપાલા ચેરીટેબલ ટ્રસ્ટશ્રી કામધેન ગૌશાળા, રાજકોટ-કાલાવડ રોડઆણંદપરમાં આવેલ કામધેનુ ગૌશાળામાં અંધ—અપંગ–અશકત- ગૌમાતાની સેવા થાય છે. પ્રાચીન કાળથી જ ગાયને માતાનો દરજજો પ્રાપ્ત થાય છે. ગાયને ખુબ જ પવિત્ર અને પુજનીય માનવામાં આવે કહેવાય છે કે ગાયની પુજા કરનારને બધા દેવી દેવતાઓની કૃપા પ્રાપ્ત થઈ જાય છે તેથી જ આજના આ કળયુગમાં પણ ગાયની પુજા, સેવા અને ગાય માટે આપણાથી બનતુ કઈક કરી છૂટવાની ભાવનાને પ્રાધાન્ય આપવામાં આવે છે. કહેવાય છે કે ગાય એ સકારાત્મક ઉર્જાનો વધારો કરે છે અને તેનુ દુધ, ગૌમત્ર, ગોબર વગેરે કેન્સર જેવા રોગો સામે પણ રક્ષણ આપે છે જે ખરેખર ચમત્કાર કહી શકયા. મહાભારતના રાજા યુધિષ્ઠિર ગાયના દુધને અમૃત તુલ્ય માન્ય છે. યશે જયારે પ્રશ્ન પુછયો કે પૃથ્વીનું અમૃત કહયું છે. ત્યારે યુધિષ્ઠિરે જવાબ આપ્યો કે ગાયનુ દૂધ એક માત્ર પૃથ્વી પરનુ અમૃત છે. આમ પુરાતન કાળથી ગાયને સર્વોપરી માનવામાં આવી છે

પ્રાચીન કાળમાં ઘરે ઘરે ગાય પાળવામાં આવતી, પરંતુ આજના યુગમાં એ શકય નથી જેને કારણે ગૌપ્રેમી વ્યકિતઓ ગૌપુજનથી વંચતી રહે છે. આપણે કદાચ કોઈ ગાયને ખરીદીને ગૌશાળામાં ન આપી શકીએ પણ ગાયનો નિભાવ ખર્ચ આપીને આ સમાજ સેવાના કાર્યમાં આપણો અમુલ્ય ફાળો આપી કૃતાર્થ થઈને તો જ અમુલ્ય માનવ દેહ સાર્થક થયો કહેવાય. કામધેનુ ગૌશાળાઓની સેવાકીય પ્રવૃતિઓમાં સર્વરોગ નિદાન કેમ્પ, બટુક ભોજન, પથીકાશ્રમ, પક્ષીઓને ચણ, વૃક્ષારોપણ, વટેમાર્ગનીસેવા વિગેરે અનેક પ્રકારની સેવાઓ કરવામાં આવ છે. કામધેનુ ગૌશાળાનો એક દિવસનો નિભાવ ખર્ચ રૂા.૨૧૦૦ (કોઈપણ તિથી નિમીતે), એક ગૌમાતાનો એક મહિનાનો ખર્ચ રૂા. ૨૧૦૦, એક ગૌમાતાનો એક વર્ષનો ખર્ચ રૂા. ૨૧૦૦૦, લીલા ઘાસની રીક્ષા અંદાજીત ૫૦ મણ રૂા. ૩૦૦૦, લીલાઘાસની મેટાડોર અંદાજીત ૧૦૦ મણ રૂા. ૫૧૦૦૦, આજીવન તિથી નિમીતે નિરણ માટે રૂા. ૨૧૦૦૦ આપી શકાય છે. આ સંસ્થામાં આપવામાં આવતુ દાન કલમ ૮૦—જી હેઠળ કરમુકત છે. સંસ્થાની બેંક વિગત, એકસીસ બેંક, મેટોડા જી.આઈ.ડી.સી. શાખા, રાજકોટના ખાતા નં.૯૧૫૦૨૦૦૧૬૩૭૦૦૪૦ તથા IFSC Code : UTTB0000809, Micr Code : 360211003 ...h આપી શકાય છે. કામધેનુ યુવા ગ્રુપ, શ્રી કામધેનુ ગૌશાળા, શ્રી ગુરૂકૃપા આશ્રમ (હનુમાનધાર), રાજકોટ-કાલાવડ રોડ, મું. આણંદપર, તા. કાલાવડ, જી. જામનગર, મો. ૯૮૨૫૦૨૩૧૯૪,૯૭૧૨૨૧૧૧૧૦

# પાટણ જીલ્લાના છેવાડાના માનવીઓને અનાજનો જથ્થો પુરો પાડતા પુરવઠા અધિકારીશ્રી ગીતાબેન દેસાઈ



પાટણ જીલ્લા પુરવઠા અધિકારીની ફરજ પર તટસ્થ રીતે છેલ્લા કેટલાક વર્ષોથી કામગીરી કરી રહ્યા છે તેમજ પાટણ જીલ્લા સહિત શહેર અને છેવાડાના માનવીઓના ગરીબ પરિવારના રેશન કાર્ડ ધારકોને કોરોના મહામારીના કાળમાં પાટણ જીલ્લા સહિત શહેર અને ગ્રામ્ય વિસ્તારમાં વસતા લોકોને સારી વ્યવસ્થાઓ પૂરી પાડી ઉમદા કામગીરી કરી અને પાટણ જીલ્લા પુરવઠા વિભાગના કર્મચારીઓ સાથે પણ ખર?ા અર્થમા તાલમેલથી તટસ્થ રીતે ક?ામગીરી કરાવી રહ્યા છે અને પાટણ જીલ્લા શહેરના ઉચ્ચ કક્ષાના અધિકારીઓ તેમજ પાટણમાં ચાલતી સરકાર માન્ય સસ્તા અનાજની દુકાનોના સંચાલકો અને રેશન કાર્ડ ધારકોમાં એક આગવી નામના હાંસલ કરેલ છે પાટણ જીલ્લા પુરવઠા અધિકારી બહેનશ્રી ગીતાબેન રબારીને ખૂબ ખૂબ શુભકામનાઓ



શૈક્ષણિક કાર્ય કરતી સરસ્વતી બાલમંદિર મંડળ સંચાલિત શ્રી વી એસ શાહ પ્રા.શાળા માં મંડળના પ્રમુખ નિલેશ જોશી ની અધ્યક્ષતા માં શાળાના આચાર્ય નયનાબેન સુથાર દ્વારા ધ્વજવંદન કરવામાં આવ્યું ૨૬મી જાન્યુઆરીના દિવસે આચાર્ય અને તેના પરિવાર દ્વારા સંસ્થાને દોઢ લાખ નું દાન આપવામાં આવ્યું આ કાર્યક્રમમાં સંસ્થાના ના ભાઈ પ્રજાપતિ વિનોદ પટેલ અલ્પેશ ગાંધી નવ ની પરીક્ષા શાળા પરિવાર હાજર રહ્યો

# આગામી ચુંટણીમાં કોંગ્રેસ ૧૨૫ સીટ જીતશે : કોંગ્રેસ પ્રમુખ જગદિશ ઠાકોર

અમદાવાદ,તા.૨૮

કોંગ્રેસ પ્રદેશ પ્રમુખ જગદીશ ઠાકોરે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે, આગામી ચૂંટણીમાં કોંગ્રેસ ૧૨૫ સીટ જીતશે. આ અંગે જણાવતા ગુજરાત કોંગ્રેસના પ્રમુખ જગદીશ ઠાકોરે જણાવ્યું હતું કે રાજયમાં અમે સુરતથી શરૂઆત કરી છે. તેમજ ગત વિધાનસભા ચૂંટણીમાં અમે માત્ર નવ બેઠકોથી સત્તા ગુમાવી હતી. તેમજ ૧૮ બેઠકો એવી હતી જે અમે માત્ર ૩૦૦૦ થી પણ ઓછા વોટના માર્જિનથી હાર્યા હતા. તેથી હાલ અમે આ બધી બેઠકો પર અલગ રણનીતિ સાથે આગળ વધી રહ્યા છે. ૧૬ થી ૧૭ બેઠકો એવી છે ૩૦૦૦ થી ૭૦૦૦ મત સાથે અમે ઈલેકશન જીત્યા છે. તેમજ અને એવી ૫૦ બેઠકો પર ધ્યાન કેન્દ્રીય કર્યું છે. જે અમે છેલ્લા ૩૫ થી ૪૦ વર્ષથી જીત્યા નથી. તેની પર ધ્યાન કેન્દ્રીત કરીને કયા જાતિગત અને સામાજિક સમીકરણ સાથે આ બેઠકો પર ઉમેદવાર ઉભા રાખવા અને કેટલા વહેલા ઉમેદવાર જાહેર કરી શકાય તેની પર પક કામ કરવામાં આવી રહ્યું છે. આ ઉપરાંત ગુજરાત કોંગ્રેસમાં પાટીદાર નેતા નરેશ પટેલ અને અલ્પેશ કથીરીયાની એન્ટ્રી ચાલતી અટકળો અંગે તેમણે જણાવ્યું હતું કે આ પ્રક્રિયા છે અને ચાલતી રહેશે. કોઈ જોડાય તો અમારી તાકતમાં વધારો થશે પરંતુ ના જોડાય તો પણ કોંગ્રેસ પક્ષ તેના બળ સંગઠન શકિત પર આગવી રણનીતિ સાથે વધુમાં વધુ બેઠક જીતવા માટે સક્ષમ છે. તેમજ કોઈ પણ વ્યક્તિ પક્ષમાં જોડાશે તો ચોક્કસ પણે તેમનું સ્વાગત કરવામાં આવશે.

### "નર્મદા સેવા અને શ્રમ શિબિર"- ૨૦૨૧-૨૨ માં ભાગ લેવા ઈચ્છુક


# યુવક-યુવતિઓએ તા.૧૦ મી ફેબ્રુઆરી, ૨૦૨૨ સુધીમાં અરજી મોકલી આપવાની રહેશે

કમિશનરશ્રી યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓના ઉપક્રમે જિલ્લા યુવા વિકાસ અધિકારી નર્મદા દ્વારા ચાલુ વર્ષે "નર્મદા સેવા અને શ્રમ શિબિર"- ૨૦૨૧-૨૨ કાર્યક્ર્મ યોજવામાં આવનાર છે. ચાલુ વર્ષે ૭ (સાત) દિવસ માટે આ શિબિરનુ આયોજન કરવામાં આવનાર છે. જેમાં રાજ્યભરમાંથી મળેલ અરજીઓમાંથી ઉમેદવાર પસંદ કરી કુલ ૧૫૦ (એકસો પચાસ) યુવક યુવતીઓને આ કાર્યક્ર્મમાં ભાગ લેવાની તક આપવામાં આવશે. આ શિબિરમાં જોડાવા ઈચ્છતા યુવક યુવતિઓ કે જેમની ઉમંર ૧૫ થી ૩૫ વર્ષ હોય તેમને સાદા કાગળ ઉપર પોતાનુ નામ સરનામુ, મોબાઈલ નંબર, જન્મતારીખ, શૈક્ષણીક લાયકાત, વ્યવસાય, એન.સી.સી / પર્વતારોહણ/ રમત ગમત સ્પર્ધામાં ભાગ લીધેલ હોય તો તેની વિગત, શારિરીક તંદુરસ્તી ધરાવતા હોવાનુ દાક્તરી પ્રમાણપત્ર, વાલીની સંમતી, તાજેતરમાં પડાવેલ પાસપોર્ટ સાઈઝનો ફોટો, ઓડખકાર્ડ, અગાઉ આ કાર્યક્ર્મમાં ભાગ લીધેલ હોય તો તેની વિગત વગેરે માહીતી દર્શાવતી અરજી તા.૧૦/૦૨/૨૦૨૨ સુધીમાં આ કચેરીના નિયંત્રણ હેઠળની જિલ્લા યુવા વિકાસ અધિકારી, જિલ્લા રમત ગમત કચેરી, બિજો માળ રૂમ નં ૨૧૭, જિલ્લા સેવા સદન, રાજપીપળા નર્મદા ને મોકલી આપવાની રહેશે. પસંદગી સમિતિ દ્વારા યોગ્યતા ધરાવતા કુલ ૧૫૦ યુવક યુવતિઓની આ શિબિરમાં જોડાવા માટે પસંદગી કરવામાં આવશે. માત્ર પસંદગી પામેલ યુવક યુવતીઓને ફોન/પત્ર દ્વારા જાણ કરવામાં આવશે.આ કાર્યક્રમમાં ભાગ લેનાર યુવક યુવતિઓને નિવાસ, ભોજન, તથા આવવા જવાનુ ભાડુ સરકારશ્રી તરફથી આપવામાં આવશે, તેમ નર્મદા જિલ્લા યુવા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા રમત-ગમત અધિકારીની કચેરી, રાજપીપલા-નર્મદા તરફથી એક અખબારી યાદીમાં જણાવાયું છે.

# અમદાવાદ સિવિલમાં ૧૫થી વધુ કિડની ટ્રાન્સપ્લાન્ટ ફેલ ગઈ

અમદાવાદ,તા.૨૮

રાજયમાં ૮૫ ટકાથી વધુ લાઈવ ઓર્ગન ડોનેશન ટ્રાન્સપ્લાન્ટ થાય છે, જેમાં કિડની ફેલ થયેલા દર્દીને પરિવારના લોકો કિડની આપતા હોય છે. સૂત્રોના જણાવ્યાં પ્રમાણે, અમદાવાદની કિડની હોસ્પિટલમાં દોઢ મહિનામાં ૩૫ કિડની ટ્રાન્સપ્લાન્ટ થઈ, જેમાં વૈકલ્પિક ઈન્જેક્શન વપરાતા કિડની ફેલ થવાનો ૫૦ ટકા રેશિયો આવ્યો. યુરોપ બનાવટના કિડની ટ્રાન્સપ્લાન્ટ વખતે જરૂરી આ ઈન્જેક્શન યુએસ, યુરોપ, કેનેડા, મેક્સિકો, ઓસ્ટ્રેલિયામાં વપરાય છે અને ભારતમાં પણ અત્યારસુધી આ ઈન્જેક્શન જ વપરાયાં છે. આશરે ૯૦ હજાર જેટલાં આ ઈન્જેક્શન દિલ્હીની નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ બાયોલોજિકલ પાસે આવીને પડ્યાં છે, પણ ત્યાંથી રિલીઝ કરવામાં આવી રહ્યાં નથી. આરોગ્ય વિભાગનાં સૂત્રો કહે છે કે કિડની ટ્રાન્સપ્લાન્ટ બાદ ૧૫ કિડની ફેલ થઈ છે, જેમાં તમામ કિડની અંગદાનથી મળી હતી. એને કારણે અંગદાન માટેની જાગૃતિ ફેલાવવા માટે કરવામાં આવેલી મહેનત પાણીમાં ગઈ છે. ઈન્ડિયન સોસાયટી ઓફ ઓર્ગન ટ્રાન્સપ્લાન્ટ દ્વારા ૨૦મી જાન્યુ.ના રોજ પીએમના પબ્લિક ગ્રીવન્સ પોર્ટલ પર પત્ર લખીને આ ઈન્જેક્શન કિડની ટ્રાન્સપ્લાન્ટ માટે જરૂરી ગણાવ્યું હતું.



શ્રી મહેન્દ્રભાઈ લોટિયાએ અંગ્રેજી ભાષામાં પ્રકાશિત કરેલ અદભૂત પુસ્તક ×ધ કાઉ× ( જગત જનની ગૌમાતા ) ને હર્ષભેર આવકારીએ. ડિજિટલ મીડિયા જગતનું અત્યારે ચલણ છે અને જ્યારે લોકોનું પુસ્તક વાંચનમાં રસ ઓછો થતો જાય છે ત્યારે આવા વિષય સાથેનું પુસ્તક પ્રગટ કરવું ખૂબ હિંમત માગી લે છે તેને આપણે દાદ આપીએ. આ પુસ્તક વાંચકોને રોજીંદા જીવનમાં ગાયની આર્થિક ઉપીયોગીતાની સાથે સાથે તેનાં આધ્યાત્મિક પાસાની સારી જાણકારી આપે છે. આ ગ્રંથ પાછળ તમે જે જેહમત કરી છે તે ખરેખર પ્રશંસાને પાત્ર છે. તમે આ ગ્રંથ પ્રકાશન માટે સારું સંશોધન કર્યું છે. ભગવાન કૃષ્ણે ગોપાલકને ઘેર જન્મ લીધો તે જ દર્શાવે છે કે ગાયનું મહત્વ સનાતન ધર્મમાં કેટલું છે. તેથી ગાય દૈવી જીવ છે જે કામધેનુ છે.તેથી તેની રક્ષા કરવી અને શ્રદ્ધાપૂર્વક પૂજન કરવું અનિવાર્ય છે. આજની પેઢીને આ પુસ્તકના વાંચન દ્વારા જાણવા મળશે કે આપણા સાંસારિક, સાંસ્કૃતિક જીવનમાં ગાય માતાનું આર્થિક મહત્વ પણ કેટલું બધું છે. આ પુસ્તકમાં સાથે સાથે ભારતમાં પ્રવર્તમાન અમુક ગૌશાળાઓ વિશે પણ સારી માહિતી આપવામાં આવી છે. અભિનંદન. મહેન્દ્રભાઈ તમે સાચા ગૌપ્રેમી અને એક એવી વ્યક્તિ છો જે ગાય, જગત જનની વિશે આટલું વિચારે છે ને તેની દરકાર રાખે છે. -ભરત સાંગાણી.

ન્યુઝ ઓફ ગાંધીનગર.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ. આયોજક : પ્રદીપ રાવલ




## NOG SS No.-004

પ્રકાર : ગદ્ય
વિષય :ગુજરાતી રેસીપી
શીર્ષક :બીડી
લેખકનું નામ :જયશ્રી પટેલ

"બીડી" પતરવેલિયામાંથી બને છે. આ વાનગી મુખ્યત્વે અળવીનાં પાન પર ચણાનો લોટ, આમલીના પાણી અને મસાલામાંથી તૈયાર કરેલ લેપ લગાડી, તેના વીંટાવાળીને બનવાય છે. આને પ્રથમ વરાળમાં બાફીને બનાવાય છે અને ત્યારબાદ એને સ્વાદ અનુસાર તળી કે વઘારીને ખવાય છે. આ વાનગી તીખી કે ગોળ આમલીની ચટણી સાથે પીરસાય છે.જેને આપણે પાત્રા કહીએ છે.

અહીં હું બીડીની રેસીપી આપીશ. આ અમારાં કરજણ તાલુકાનાં ભગત કોમની વાનગી છે. અહીં અળવીનાં કુણાં પાન ખેતરમાંથી તોડી ધોઈ સાફ કરી બનાવામાં આવે છે.

૧. એક વાડકો દહી
૨. એક વાડકો સમારેલો ગોળ
૩. બે વાડકા ચણાંનો લોટ
૪. અડધી ચમચી હળદર
૫. બે થી ત્રણ ચમચી લાલમરચું ને પ્રમાણસર મીઠું
૬. એક ચમચી મરી ને આખા સૂકા ધાણા
૭. નાના કૂણા દસ બાર કે જરૂરિયાત પ્રમાણે પાન લો.
૮. ૧૦૦થી ૧૫૦ગ્રામ તેલ
૯. કોથમીર ઝીણી સમારેલી ધોઈને અને કોપરાની ઝીણી છીણ
૧૦. થાળી ને મોટું અળવીનું પાન

રીતઃ

ગોળ અને દહી અડધો કલાક ભેગા કરી રાખો. મરી ને ધાણા ને લાલ મરચું સાથે પીસી નાંખો.

ચણાનો લોટ લઈ તેમાં મીઠું, પીસેલો મસાલો , હળદર નાખો. પલાડેલા દહી ગોળથી તે લોટ મિક્સ કરતાં જાઓ . તે ચોપડવા જેવી પેસ્ટ બને પછી પાન ધોઈ , લૂછી તૈયાર કરો.

એક જ કૂણું પાન લઈ તેની પર લોટ ચોપડો પછી તેનેબે તરફથી વાળી ફરી લોટ ચોપડો અને ધીરે ધીરે મજબૂત છૂટું ન પડે તેમ ગોળ ગોળ બીડીની જેમ વાળો. ધ્યાનમાં રહે એક જ પાન લેવું. નાની ને સુંદર બીડીઓ તૈયાર કરી. કઢાઈમાં તેલ મૂકી ગરમ થાય એટલે હિંગ ને તલ નાંખી એક પછી એક એમ બધી બીડી મૂકી શાકની જેમ થવાદો.

ધીમી આંચ પર બીડી ચઢે એટલે જો તેલ લાગે તો નીતારી નીતારી એક એક બીડી બહાર કાઢી , થાળીમાં મૂકેલા મોટા અળવીનાં પાન પર ગોઠવીને મૂકો.કોથમીર ને કોપરાને ઉપર ભભરાવો.

મહેમાનને ગુજરાતી પોષ્ટીક ફરસાણ પીરસો.

જયશ્રી પટેલ

---

## NOG SS no.-19

પ્રકાર : લેખ
વિષય : રેસીપી
શીર્ષક : સ્ટફ્ડ દાળઢોકળી
લેખકનું નામ : કલ્પનાબેન ત્રિવેદી

સામગ્રી : પૂરી માટે ઘઉંનો લોટ,મીઠું, મરચું, હળદર, થોડું તેલ મોણ માટે

દાળ માટે. . એક કપ તુવેર દાળમાં લાલ મરચું,ધાણાજીરું,

હળદર, ગોળ,લીંબુનો રસ, કોથમીર, આદું મરચાંની પેસ્ટ

સ્ટફિંગ માટે ..આખા ધાણા, વરિયાળી, સૂકા લાલ મરચાં, ટોપરુ ખમણેલું,લવિંગ, ટુકડો તજ,લીંબુનો રસ,સફેદ તલ, સીંગદાણા, ખાંડ, થોડું તેલ

રીત : સૌ પ્રથમ તુવેરની દાળ બાફીને મિક્સરમાં એકરસ કરી લો.દાળનો બધો જ મસાલો કરી એમાં ગોળ,લીંબુનો રસ અને કોથમીર મરચાં નાખી, ધીમા તાપે ગેસ પર ઉકળવા મૂકો.

બધી જ સૂકી સામગ્રી લઈ પૂરણ બનાવી લો.ઘઉંના લોટમાં મીઠું, હળદર અને થોડું મોણ નાખી સહેજ નરમ પૂરી જેવો લોટ બાંધી, પૂરી વણી લો.પૂરીમાં ચમચીથી સ્ટફિંગ ભરી કિનારી વાળી લો.ઉકળતી દાળમાં આ રીતે બધી પૂરીઓ સ્ટફિંગ કરીને નાખો.ત્યારબાદ થોડો ગરમ મસાલો, લીંબુનો રસ,ગોળ,અને મીઠું ઉમેરો.લાલ મરચું અને લીલું મરચું સ્વાદ મુજબ ઉમેરો.દાળઢોકળી બરાબર ઉકળી જાય પછી એક તેમાં નાની વાડકીમાં રાઇ,જીરું, થોડી મેથી,સૂકા લાલ મરચાં, મીઠાં લીમડાના પાન,અને હીંગ નાખી વઘાર કરો.

પીરસતી વખતે કોથમીર અને ટોપરાનાં છીણથી ગાર્નિશ કરો.આ દાળઢોકળી ખૂબ જ સ્વાદિષ્ટ બને છે. એકલી અને ભાત સાથે પણ ખવાય છે. તો તૈયાર છે મસ્ત શુદ્ધ ગુજરાતી સ્વાદ સાથે. સ્ટફિંગ દાળઢોકળી.........

---

## NOG SS No.-0002

પ્રકાર : પ્રસાદ
વિષય :ખાના ખજાના
શીર્ષક :ઉકળીનાં મોદક
લેખકનું નામ :જીજ્ઞા કપુરિયા "નિયતી"

સામગ્રી :લોટ બનાવવા માટે
દોઢ કપ - આંબામોર ચોખાનો લોટ
૧ ચમચી - ચોખ્ખુ ઘી
૧/૪ કપ દૂધ
ચુટકીભર મીઠું

પુરણ બનાવવા માટે
૧ ચમચો ખસખસ
૨ કપ લીલા નાળિયેરનું ખમણ
૧/૨ કપ સુકો મેવો (ઝીણા ટુકડા)
એલચી અને જાયફળનો ભુક્કો
દૂધમાં પલાળેલું કેસર

રીત :

સૌ પ્રથમ ચોખાના લોટમાં ચપટી મીઠું ,ઘી અને દૂધ નાંખીને મિક્સ કરી લેવું ત્યારબાદ જરૂર મુજબ પાણી નાંખીને રોટલી જેવો લોટ બાંધીને હળવે હાથે રોટલાની જેમ થેપી લેવું . ત્યારબાદ આ રોટલાને ઢોકળીયામાં એક થાળીમાં હળદરનું પાન મૂકી ઉપર આ રોટલો મૂકીને ઢાંકીને ૧૦થી ૧૫ મિનિટ સુધી બાફી લેવો. એ બફાય ત્યાં સુધીમાં પુરણ બનાવી લેવું .

પુરણ બનાવવા માટે એક નોનસ્ટિક પેનમાં ખસખસને સહેજ સેકીને તેમાં નાળિયેરનું ખમણ નાંખીને શેકી લેવું જેથી એની ભીનાશ નીકળી જશે પછી એમાં ગોળ અને સુકો મેવો નાંખીને ૩ થી ૪ મિનિટ સુધી મધ્યમ તાપે શેકી લેવું પછી ગેસ બંધ કરી એમાં એલચી અને જાયફળનો ભુક્કો ઉમેરીને પુરણને ઠંડુ પડવા દેવું .

હવે આપણે બાફેલો લોટને પણ ગરમ ગરમ જ કુણવીને લુઆ પાડીને એની પુરી વણીને એમાં વચ્ચે પુરણ ભરીને મોદકનો આકાર આપવો. મોદકનો આકાર આપવા માટે પુરીની કિનારીને બે આંગળી વચ્ચે પકડીને દાબીને કળીનો આકાર આપીને પોટલી તૈયાર કરવી એમાં વચ્ચે પુરણ ભરી ધીમે ધીમે બધી કળીઓ ભેગી કરીને ઉપરથી બંધ કરી દેવી . આવી રીતે બધાંજ મોદક તૈયાર થયા પછી પાછા ઢોકળીયામાં થાળીમાં હળદરનું પાન મૂકીને એની ઉપર બધાંજ મોદક ગોઠવી દેવાં પછી દરેક મોદકની ઉપર દૂધમાં પલાળેલાં કેસરનો એક એક તાંતણો મૂકીને ફરીથી ૧૦ મિનિટ સુધી બાફી લેવાં બસ તૈયાર છે ઉકળીનાં મોદક.આ અમારા મહારાષ્ટ્રની એક પ્રખ્યાત વાનગી છે જે ગણેશોત્સવમાં ઘરેઘરે પ્રસાદ રૂપે ગણેશજીને ભોગ ધરાવવામાં આવે છે . આ ઉકળીનાં મોદક વગર ગણેશોત્સવ મનાવાતો જ નથી . મિત્રો આ પ્રસાદ ખાવામાં પણ એકદમ સ્વાદિષ્ટ લાગે છે

JIGNA KAPURIYA

---

## NOG SS No.- 54

પ્રકાર : ગદ્ય
વિષય : ગુજરાતી રેસીપી
શીર્ષક : મગ વૈડાના પૂડા [sprout મગ]
લેખકનું નામ :શાહ સપના હની

આજકાલ ચાલી રહેલા અવનવી બજારોમાં મળતી તદ્દન ફાલતુ અવનવી વાનગી પર લોકો એટલા આકર્ષાય છે કે... શું અને કેવું ખાઈ રહ્યા છે? એનું જરીકપણ ભાન નથી એ લોકોને. ઘરની પૌષ્ટિક અવનવી બનતી વસ્તુઓ છોડીને લોકો બજારમાં વાસી અને ગંદી વસ્તુમાં મન મૂકીને ખાય છે. અને છેલ્લે પોતાની તબિયત બગાડે છે..?

ઉદાહરણ તરીકે મગ. કે એ મગ કેટલા ગુણકારી હોય છે. એ આપને સૌ જાણીએ જ છીએ.

કહેવાય છે ને મગ ખાઈએ તો આવે પગ.!

આજકાલ ગમ ભૂલવું હોય તો મગ ખાવ..! વગેરે વગેરે..

આવું તો ઘણું બધું આપને સાંભળ્યું છે. હા સાચું જ છે. પણ આજકાલ મગ ખાવા કોને ગમે..? કહો તો..?

મગનું નામ પડતાંજ તરતજ એને રિજેક્ટ કરી દેવામાં આવે છે. પણ સાચું કહું તો મગ એક એવી વસ્તુ છે ને કે ખાસ કરીને હું બહુજ એનો વાનગીમાં વપરાશ કરું છું . કેમકે એ એટલું બધું ગુણકારી છે ને આપના માટે કે જો અશક્તિ લાગે તો તરતજ મગના પાણીનું સેવન કરવાથી રાહત મળતી હોય છે. હું તો કહું મગ જેવું બીજું કઈ જ નથી. જે લોકોને મગ પ્રત્યે ચીડ હોય અથવા ખાવા હોય પણ એના નામથી જ એ લોકો દૂર ભાગતા હોય એ બધાજ માટે હું મગ ની એક જબરજસ્ત રીત હું બતાવીશ જેને તમે બનાવ્યા બાદ ઓળખી પણ નઈ શકો કે શું સાચે મેં મગ ની બનાવેલ આ વસ્તુ અને એ પણ હોંશે હોંશે ખાઈ લીધી છે..? અને ફરી વાર એને ખાવા માટે તમેજ બોલશો કે ફરી ક્યારે આ વસ્તુ મને મળશે...?

મગના વૈડાને મીક્ષર બાઉલમાં લઇ તેમાં થોડું પાણી, આદુ, મરચાં, લસણ, લીમડો, ડુંગરી નાખી અધકચરા ક્રશ કરવા.

પછી એ મિકશ ને એક વાસણમાં લઈ તેમાં થોડી સોજી, બેસન નાખી મિકશ કરવું.

મીઠું, લાલ મરચું, થોડી હળદર નાખી થોડી વાર માટે સેટ થવા દેવું.

મિશ્રણ જો ઘટ્ટ લાગે તો જ તેમાં જરૂર પૂરતું પૂડા ઉતરે એટલું પાણી એડ કરવું.

નોનસ્ટિક પર તેલ લગાવી પૂડા ઉતારવા .

પૂડા ને ગરમ ગરમ ગ્રીન કોથમીર ફુદીનાની ચટણી સાથે સર્વ કરો. આ પૂડા ખૂબજ પૌષ્ટિક ની સાથે સાથે ટેસ્ટ માં ખૂબજ સરસ બને છે

સપના શાહ હની ,ગોધરા

---

## NOG SS NO 0089

નામ : પ્રવિણા અવિનાશ
વિષય જરુર બનાવે
શીર્ષક : ખાંડવી
સમય ૨૦ મિનિટ

સામગ્રી ૧ કપ ચણાનો લોટ
૧/૨ કપ ખાટું દહી
૨ કપ પાણી
૧/૮ ચમચી હળદર
૩ લીલા મરચા વાટેલા
સ્વાંગ અનુસાર મીઠું
ચપટી હિંગ

ખાંડવી માઈક્રોવેવ ઓવનમાં બનાવવાની રીત

કાચનું કચોળું માઈક્રોવેવ માં જાય તેવું લેવું ( પાયરેક્સનું)

ચણાનો લોટ,દહી અને પાણી ભેગા કરી રવૈયાથી ભેળવવું . સાવચેતી રાખવી અંદર ગાંગડા ન રહે.

હળદર, વાટેલું મરચું, મીઠું અને હિંગ નાંખી હલાવવું.

મિશ્રણ તૈયાર કરી ૩ મિનિટ માટે ઢાંકી ને માઈક્રોવેવ માં મૂકવું .

ત્રણ મિનિટ પછી બહાર કાઢી બરાબર રવૈયો ફેરવવો.

પાછું મિશ્રણ બે મિનિટ માટે ઢાંકી ને મૂકવું.

બહાર કાઢી બરાબર હલાવી થાળીની બંને બાજુ ફેલાવવું . રસોડા પર પણ ફેલાવી શકાય.

જરા ઠંડું થવા દેશો તો હાથેથી એક સરખું ફેલાવાશે.

પાંચ મિનિટ પછી સરળતાથી ઉખાડી શકાશ્.

ગોળ વીંટા વાળી સરસ ગોઠવી રાઈનો વઘાર કરવો . અંતે કોથમીર અને કોપરાને ભભરાવવા.

મન ભાવતી ખાંડવી તૈયાર.

બનાવો ત્યારે યાદ કરશો



હિલા પતંજલી યોગ સમિતિ ગાંધીનગર તથા માનસ યોગ સેવા ટ્રસ્ટ ગાંધીનગર ના સંયુક્ત ઉપક્રમે લક્ષ્ય આરોગ્યમ્ અભિયાન અંતર્ગત ગણતંત્ર દિવસ (૨૬/૦૧/૨૦૨૨) નિમિત્તે ભવ્ય યોગ શિબિરનું આયોજન અને સંચાલન ગાંધીનગરના જાણીતા યોગાચાર્ય ડો. કાનજીભાઈ બાવરીના માર્ગદર્શન અને નેતૃત્વ હેઠળ ડો. નેહલબેન દેસાઈ દ્વારા સ્વર્ણિમ પાર્ક ખાતે કરવામાં આવ્યુ.

શિબિરમાં ગાંધીનગરના તમામ સેક્ટરમાં યોગ ક્લાસ ચલાવતા યોગ શિક્ષકોએ હાજરી આપી વૈદિક હવન તેમજ યોગના કાર્યક્રમને સફળ બનાવવા ખૂબ જ સહયોગ આપ્યો હતો.

કાર્યક્રમમાં મુખ્ય અતિથિ અને અતિથિ વિશેષ તરીકે ગાંધીનગરના પી.આઈ ઉન્નતી બહેન પટેલ, ગાંધીનગરના ખૂબ જ જાણીતા ગાયનેકોલોજિસ્ટ ડો. નીતાબેન શેખાત, અને ગવર્મેન્ટ ઓફ ગુજરાત ના આયુર્વેદિક ખાતાના અધિકારી ડોક્ટર ભાવનાબેન પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમમાં યોગાસન પ્રાણાયામ સૂર્ય નમસ્કારની સાથે સાથે બહેનોએ ગરબા યોગનો પણ ઉત્સાહપૂર્વક આનંદ માણ્યો હતો. કાર્યક્રમના અંતમાં સર્વે યોગાર્થીઓ સાથે મળીને પતંજલિના પુષ્ઠાહાર દલીયા અને આમળાં શરબતનો આનંદ માણ્યો હતો.


# સમસ્ત મહાજન ગુજરાત, રાજસ્થાન, મધ્યપ્રદેશ, ઉતરપ્રદેશના ગામડાઓમાં ૧૦ હજાર ધાબળાનું વિતરણ કરાયું

પરદુ:ખે ઉપકાર કરવો એ માનવ જીવનને સાર્થક કરવાની પહેલી શરત છે. સમસ્ત મહાજનનાં અગણિત સેવાકાર્યનાં પાયામાં આ શુધ્ધ ભાવના, ગુરૂદેવોની પરમ કૃપા, સાધુ-સાધ્વી ભગવંતોનાં આશીર્વાદ તથા માર્ગદર્શન, દાતાઓનો સબળ સાથ અને ટ્રસ્ટીઓ, કાર્યકર્તાઓનો સેવા કરવાનો અખૂટ ઉત્સાહ સમાયાં છે. કોરોના વાઈરસે સર્જેલી અકલ્પનીય પરિસ્થિતિ અને લોકડાઉનથી લઈને હમણાંનાં અનલોકનાં સમય સુધી સમસ્ત મહાજને જે સુકૃતો કર્યા છે એ અસાધારણ અને ખરા અર્થમાં અનુમોદનીય છે.

સમસ્ત મહાજનનાં નામથી આખો દેશ પરિચિત છે. સેવાની વાત આવે, પરોપકારની વાત આવે કે વાત આવે અનુકંપા અને જીવદયાની, સમસ્ત મહાજન દરેક મોરચે ઉત્કૃષ્ટ કાર્યો કરતી આશીર્વાદરૂપ સંસ્થા બની છે. કોરોના મહામારી સર્જાતા જેટલી તકલીફો મનુષ્યને પડી છે એટલી જ અથવા એનાથી પણ વધુ પશુ, પક્ષી, પ્રાણીઓ હેરાન થયા છે. તેમની સાર સંભાળ કરવામાં ખુબ જ મુશ્કેલી પડી છે. એમાં પણ ઠંડીનો ચમકારો વધતાં ભારે ટાઢનો સામનો કરવો પડતો હોય છે. પરિણામે ફૂટપાથ પર રહેતા કે પતરાનાં ઘરમાં રહેતા લોકોને ખૂબ તકલીફ પડતી હોય છે. ઉપરાંત પશુઓને પણ ઠંડીનાં કારણે મુશ્કેલી પડતી હોય છે.

આ વસ્તુને કેન્દ્રમાં રાખીને મુંબઈની સમસ્ત મહાજન સંસ્થા કે જે લોકડાઉન દરમ્યાન ત્રણ લાખ લોકોને ભોજન પીરસી ચૂકી છે, તેના દ્વારા મુંબઈ અને તેના આસપાસના વિસ્તારનાં આદિવાસી, ફૂટપાથ પર રહેતા નાગરિકો તેમજ મુંબઈની હોસ્પિટલમા બહારગામથી આવતા ગરીબ દર્દીઓ ઉપરાંત પશુઓના ગરમાટા માટે ધાબળાનું વિતરણ કરવામાં આવ્યું હતું. મુંબઈમાં ધાબળા વિતરણ કર્યા બાદ આ ભગીરથ કાર્યને પૂરા મહારાષ્ટ્ર ઉપરાંત ગુજરાત, રાજસ્થાન, મધ્યપ્રદેશ, ઉતરપ્રદેશ જેવા રાજ્યોના વિસ્તારોનાં ગામડાઓ સુધી પણ પહોંચાડીને સંસ્થા દ્વારા દસ હજાર ધાબળાનું વિતરણ કરવામાં આવ્યું હતું. સમસ્ત મહાજન દ્વારા આ ભગીરથ કાર્ય હજુ પણ અવિરત ચાલુ છે.

# "૭૩માં ગણતંત્ર દિવસની અનાથ બાળકોએ કરી ઉજવણી "



સ્મિત ફાઉન્ડેશન (જીત પારેખ) દ્વારા અમદાવાદ અને ગાંધીનગર ખાતે ૨૬ જાન્યુઆરી ૨૦૨૨ના રોજ ૭૩માં પ્રજાસત્તાક પર્વની દબદબાભેર ઉજવણી કરવામાં આવી. અહિયાં બાળકો સાથે સ્વતંત્ર અખંડ ભારત નિર્માણ અને દેશને આઝાદી અપાવનાર શહીદોને સલામ અને નમન કરી આ પવિત્ર દિવસે ધ્વજ વંદન કરવામાં આવ્યું હતું. સ્મિત ફાઉન્ડેશનનાં ફાઉન્ડર જીત પારેખે વધુમાં જણાવ્યું હતું કે વિશ્વના સૌથી મોટા લોકશાહી ધરાવતા દેશ માટે આ એક વિશેષ પર્વ છે. માતૃભુમીના ચારણોમાં વંદન કરવાનું, આપણા શહીદ વીરોને યાદ કરવાનું અને સાથે રાષ્ટ્રના ગરિમા-ગૌરવ પ્રતિ આપની રાષ્ટ્રભાવના અને નિષ્ઠાને સંકલ્પ બદ્ધ કરવાનું આ પર્વ છે. માટે અહિયાં અનાથ બાળકો સહીત સ્મિત ફાઉન્ડેશનની ટીમ દ્વારા " મિલે સુર મેરા તુમ્હારા તો બને સુર હમારા " ગાન સાથે બાળકોએ સુર પુરાવ્યો હતો. અહિયાં ઉપસ્થિત મહેમાન સ્મિત ફાઉન્ડેશન ટ્રસ્ટીશ્રી આનંદ પારેખ, જીતેન શેખાની, નીતિન રાજપૂત, સમિક ગજ્જર, મિતેશ દરબાર, દર્શન શિંદે, હર્ષ રાજપુર, કિંજલ ગોખલે, સમીર અંશારી વગેરે ઉપસ્થિત હતા. અને અનાથ બાળકોને મેકડોનાલ્ડમાં જમવાનું આપ્યું હતું સાથે ૨૬મી જાન્યુઆરીની ઉજવણી કરવામાં આવી હતી.

# માનસ સાગર દિવસ ૫ અને ૬તારીખ ૨૬-૨૭ જાન્યુઆરી.

તિરંગામાં ભગવો-સત્ય,સફેદ-પ્રેમ અને લીલો-કરુણાનો રંગ છે,ચક્ર સુ-દર્શન છે.

કૃપા આંખ છે અને કરુણા આંસુ છે.

કોઈના આંસુ જાણી જવા એ સત્ય છે.આંસુ લૂછવા એ પ્રેમ છે અને આંસુ આવે જ નહીં એવી દયા કરવી એ કરુણા છે.

સદગુરુ પાસે પ્રશ્નો લઈને નહીં પરંતુ પ્યાસ લઈને જવું જોઈએ.

પાંચમા દિવસની કથામાંબાપુએ કહ્યું કે દેશની આઝાદીનો અમૃત મહોત્સવ ચાલી રહ્યો છે ત્યારે ૭૩ માં પ્રજાસત્તાક દિવસ પર સમગ્ર રાષ્ટ્રને વધાઇ. તિરંગાના ત્રણ રંગોનો સાત્વિક,તાત્વિક અને વાસ્તવિક અર્થ એવો છે કે સૌથી ઉપરનો-કેસરી રંગ સત્યનું પ્રતીક છે.બ્રહ્મ સત્ય છે અને એ કેસરી રંગે જગતને બતાવ્યું.અહીં કોઈ સાંપ્રદાયિક અર્થ ન લેશો કારણ કે આ વિચારધારા સન્યાસ,ત્યાગ અને વૈરાગનો અર્થ છે.સફેદ રંગ પ્રેમ છે.પ્રેમ ધવલ હોય છે,સત્ય અગ્નિ છે,જવાળાનો રંગ કેસરી હોય છે પ્રેમ નિષ્કલંકતાનું પ્રતિક છે અને સૌથી નીચે લીલો રંગ હરિયાળી ધરતીનો રંગ છે.જે કરુણા છે.ચક્ર-સમગ્ર વિશ્વનું સુ-દર્શન કરે છે,શસ્ત્રના રૂપમાં નહીં પરંતુ દર્શનના રૂપમાં તેનો અર્થ કરી શકાય.આજે યજમાન પરિવાર તરફથી દરેક ઘરમાં રાશનની કીટ અપાઈ ત્યારે બાપુએ જણાવ્યું કે ઘણા મહાત્માઓ પણ જાણ્યા વિચાર્યા વગર ટીકા કરે છે કે આ કોમર્શિયલાઝેશન છે.પરંતુ ક્યારેક તલગાજરડા આવીને જુઓ!મૂળ માં જુઓ!આજે સેનાના જવાનો પણ કથામાં ઉપસ્થિત હતા.કૃપાસાગરનું મંથન ન થવું જોઈએ વધુ કે ઓછી જેટલી પણ છે કૃપા કૃપા જ છે.કરુણા અને કૃપા વચ્ચે ભેદ પણ છે થોડુંક અંતર છે. કૃપાની માગણી કરી શકાય,કૃપા ક્યારેક ક્યારેક યાચનાનું રૂપ લે છે.કરુણા વગર માગ્યે અપાય છે.કૃપા ઘન છે, કરુણા હંમેશા પ્રવાહી છે.કૃપા કરાતી હોય છે અને કરુણા વહેતી હોય છે. જો કૃપા સાબુ હોય તો કરુણા પાણી છે. કૃપા કરનાર પણ ક્યારેક ઘન છે અને કરુણા પોતાનો અહંકાર પણ ઓગાળી દે છે.કૃપા ક્યારેક સીમિત રહી જાય છે કરુણા વહેતી રહે છે.કરુણા પગ વગર ચાલે છે. કૃપાને કારણે કથામાં આવી શકાય છે અને કરુણાથી કથા સાંભળી શકાય છે.સાથે સાથે પ્રજાસત્તાક દિવસની પૂર્વ સંધ્યા પર અપાયેલા વિવિધ પદ્મ પુરસ્કારથી સન્માનિત સૌને વ્યાસપીઠ તરફથી અભિનંદન આપ્યા અને બાપુએ જણાવ્યું કે આઝાદીનો અમૃત મહોત્સવ ચાલી રહ્યો છે તેની પૂર્ણાહુતિ વખતે દિલ્હીમાં એક કથા કરવાની છે. સુખના સાગર મંથન કરવાથી એક અમૃત મળે છેઃ સુખની વહેચણી,બધા માટે વિચારવું.બીજું અમૃત છે સહનશીલતા કારણ કે સુખને પણ સહેવું પડે છે, પચાવવું પડે છે.

છઠ્ઠા દિવસની રામકથામાં બાપુએ જણાવ્યું કે કૃપાપાત્ર અને કરુણાપાત્ર વચ્ચે શું અંતર છે?કરુણાપાત્ર થવા માટે શું કરવું પડશે?શિવ કરુણાવતાર છે તો શા માટે પ્રલય કરે છે?શું કરુણા નષ્ટ પણ કરી શકે?કથા કરુણા છે,એક-એક શબ્દ પીવાય તો શું આ જ સાધ્ય છે?અને આપણી અંદર સતત રામ નામ ચાલે તે માટે શું કરવું જોઈએ? બાપુએ જણાવ્યું કે કૃપા આંખ છે અને કરુણા આંસુ છે.આંખને આકાર છે,કરુણા નિરાકાર છે.આંખ જેવી છે એવી જ રહેશે.આથી જ કહેવાય છે કૃપા દ્રષ્ટિ.કોઈના આંસુ જાણી જવા એ સત્ય છે.નકલી આંસુ પણ હોઇ શકે અને આંસુઓની ઓળખ જ્ઞાનવાન કરી શકે છે.આંસુ લૂછવા એ પ્રેમ છે અને આંસુ આવે જ નહીં એવી દયા કરવી એ કરુણા છે. કૃપાપાત્ર બનવા માટે કંઈક કરવું પડે છે કરુણાપાત્ર બનવા માટે કશું જ કરવું પડતું નથી,માત્ર ખાલી થવું પડે છે.બાપુએ જણાવ્યું કે શા માટે આ અવતારો છે? કારણ કે શત્રુ નહીં શત્રુતાનો નાશ,રાવણ નહીં રાવણત્વ અને કૌરવ નહીં કૌરવત્વનો નાશ કરવો હતો,આથી જ આ યુદ્ધ કથાઓ છે.

અહીં એક છે ગુણસાગર.યુદ્ધની બે ગીતા છેઃ રામચરિતમાનસની રામગીતા અને મહાભારતની કૃષ્ણગીતા.કૃષ્ણ ગીતાના સોળમા અધ્યાયમાં ૨૬ થી ૨૮ ગુણ છે અને રામચરિત માનસની રામગીતા-ધર્મરથમાં લગભગ ૧૮ થી ૨૦ ગુણ છે. આ સૂરી(દેવતાઇ) ગુણો એ જ અમૃત છે અને આનાથી વિપરીત જે છે એ વિષ છે.બાપુએ જણાવ્યું કે કથા રસ છે રસ ધીરે-ધીરે પીવાનો છે. વક્તા માટે એ ફળ છે,શ્રોતા માટે રસ છે અને તો પણ કથા સાધ્ય નથી.અહીં ધી એન્ડ નથી,ફરી આગળ કથાઓ છે.સદગુરુ પાસે પ્રશ્નો લઈને નહીં પરંતુ પ્યાસ લઈને જવું જોઈએ.

રામજનમના હેતુની ચર્ચા કરી અને દેવતાઓએ એક જ સ્વરમાં સ્તુતિ કરી,આકાશવાણી થઈ અને ભગવાન કૌશલ્યાના ગર્ભમાં આવ્યા,થોડો સમય ગયો અને ત્રેતાયુગના,ચૈત્ર માસની નવમી તિથિ,શુક્લ પક્ષ અને અભિજિત નક્ષત્રમાં શ્રી હરિનું પ્રાગટ્ય થયું એ વખતે મંદ,સુગંધ,શીતલ વાયુ વહેવા લાગ્યો અને બપોરના વિશ્રાંતિના સમયે રામનું પ્રાગટ્ય થયું.સમગ્ર જગતને રામ જન્મની વધાઈ સાથે છઠ્ઠા દિવસની કથાને વિરામ અપાયો.





મોડાસા કેળવણી મંડળ અને મંડળ સંચાલિત તમામ શૈક્ષણિક સંસ્થાઓ દ્વારા ૨૬ મી જાન્યુઆરી ૨૦૨૨ ના રોજ ૭૩ મા પ્રજાસત્તાક પર્વની દબદબાભેર ઉજવણી કરવામાં આવી. આ પ્રસંગે કેળવણી મંડળના પ્રમુખ શ્રી બિપીન ર.શાહ ના હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું. તેમને મંડળના કાર્યો, સંસ્થાઓની સિદ્ધિઓ અને આઝાદીકા અમૃત મહોત્સવની પણ વાત કરી. શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થી સોહિલ ચૌધરી કે જેની ઈન્ડિયન નેવી મા નિયુક્તિ થયેલ છે જેણે પોતાની પ્રથમ સેલેરી સંસ્થાને દાન કાર્યની વાત કરતા પ્રમુખશ્રી તેને બિરદાવ્યો. આગામી ૧૦ વર્ષમાં હાથ ધરાનાર કાર્યોનો ચિતાર આપ્યો, ત્યારબાદ કલરવ શાળા પરિવારની બહેનો દ્વારા "મિલે સુર મેરા તુમ્હારા, તો સુર બને હમારા" અભિનય ગીત પ્રસ્તુત કર્યું. બી-કનાઈ ના સ્ટાફ પરિવાર દ્વારા "મુસ્કુરાયેગા ઈન્ડિયા" કૃતિ રજુ કરી, દેશભક્તિના રંગમાં ચાર-ચાંદ લગાવવાનો પ્રસંસનીય પ્રયાસ કર્યો. ત્યારબાદ પ્રમુખશ્રીએ સંસ્થાના આધ્યસ્થાપક શ્રી મથુરદાસ ગાંધીની પ્રતિમાને સુતરની આંટી પહેરાવી. આ પ્રસંગે કેળવણી મંડળના સૌ પદાધિકારીઓ અને મંડળ સંચાલિત તમામ સંસ્થાઓનો સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો.

## ઇ-વ્હીકલ સ્ટાર્ટઅપનું નિરીક્ષણ કરી યુવા સ્ટાર્ટઅપ્સને પ્રોત્સાહિત કરતા મુખ્યમંત્રીશ્રી

# મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ I-Create ની મુલાકાતે :-I-Createના ઇલેક્ટ્રીક વ્હીકલ સેન્ટર ઓફ એક્સલન્સનું ઉદ્દઘાટન કર્યુ

### ૨૦૩૦ સુધીમાં ઇલેક્ટ્રીક વાહનોના ઉપયોગના લક્ષ્ય સિદ્ધ કરવામાં ગુજરાતે ઘડેલી ઈ-વ્હીકલ પોલિસી-૨૦૨૧ની સફળતા માટેની ઇકો સીસ્ટમને આઇ-ક્રિયેટનું સેન્ટર ઓફ એક્સલન્સ નવું બળ પુરૂં પાડશે

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ઈન્ટરનેશનલ સેન્ટર ફોર એન્ટરપ્રેનિયોરશિપ એન્ડ ટેક્નોલોજી i-Createના કેમ્પસની મુલાકાત લઈને વિવિધ સ્ટાર્ટઅપની નવિન શોધ-સંશોધન, ગતિવિધિઓની તલસ્પર્શી માહિતી મેળવી હતી. તેમણે યુવા સ્ટાર્ટઅપ્સ સાથે પ્રત્યક્ષ વાતચીત કરી તેમને પ્રોત્સાહિત કર્યા હતા.

મુખ્યમંત્રીશ્રી અમદાવાદ જિલ્લાના દેવ ધોલેરા નજીક આવેલા i-Create કેમ્પસમાં મુખ્ય સચિવ શ્રી પંકજકુમાર સાથે પહોચ્યા હતા.

શ્રી ભૂપેન્દ્ર પટેલે i-Createના ઈલેક્ટ્રીક વ્હીકલ સેન્ટર ઓફ એક્સલન્સનું ઉદ્દઘાટન પણ આ મુલાકાત દરમ્યાન કર્યુ હતું.

i-Create EV સેન્ટર ઓફ એક્સલન્સમાં નાના ઈલેક્ટ્રિક વાહનો માટે યુનિક અને ઈન્ટિગ્રેટેડ ઓપન-સોર્સ પ્લેટફોર્મ બનાવવાથી માંડીને શહેરો માટે ઓપન સ્ટાન્ડડર્સ તરીકે ગ્રીન અર્બન માસ મોબિલિટી પ્લેટફોર્મ વિકસાવવા સુધીની અનેક પહેલો ચાલી રહી છે.

ભારત સરકારના ૨૦૩૦ના ઈલેક્ટ્રિક વાહનો EVના લક્ષ્યાંકને સમર્થન આપવા માટે રાજ્ય સરકારે ગુજરાત ઈલેક્ટ્રિકવ્હીકલ પોલિસી-૨૦૨૧ ઘડી છે. તેમાં EVખરીદદારો અને EV ઈન્ફ્રાસ્ટ્રક્ચરના વિકાસમાં રોકાણ કરનારાઓ માટે સબસિડી/પ્રોત્સાહન તરીકેની યોજનાનો પણ સમાવેશ થયેલો છે.

આ નીતિની સફળતા માટે ઈનોવેશન ઈકોસિસ્ટમના સમર્થનની જરૂરિયાત માટે i-Create જેવી અગ્રણી સંસ્થાએ Evsને ફોકસ એરિયા બનાવવા માટે કરેલી પહેલ EV ટેક્નોલોજી ઉપયોગમાં ગુજરાતને મદદરૂપ થશે.

સ્ટાર્ટઅપ ઈન્ડિયા અને ઉબર સાથે મળીને i-Create એ તાજેતરમાં ઈલેક્ટ્રિક વાહનોનો વપરાશ વધારવા અને તેને અપનાવવા માટેના પ્રગતિશીલ વિચારોને સમર્થન આપવા માટે ગ્રીન મોબિલીટી ઈનોવેશન ચેલેન્જ હાથ ધરી હતી. આ ચેલેન્જમાં સમગ્ર ભારતમાંથી EV ઈનોવેટર્સની ૪૦૦ જેટલી એન્ટ્રીઓ આવી હતી.

મુખ્યમંત્રીશ્રીએ આ Evangeliseના વિજેતાઓને અભિનંદન આપ્યા અને i-Createની ૨ અને ૩ વ્હીલર ઈલેક્ટ્રિક વાહનો (EV) માટેની મેગા ઈનોવેશન ચેલેન્જના વિજેતાઓને પણ અભિનંદન પાઠવ્યા હતા.

i-Createનું EV સેન્ટર ઓફ એક્સેલન્સ ઉદ્યોગ જગતની અગ્રણી કંપનીઓ સાથે ભાગીદારી કરી રહ્યું છે.

જેથી સ્ટાન્ડર્ડાઈઝેશન, ઈન્ટરઓપરેબિલિટી અને ફ્યુચર પ્રૂફિંગના લાભો મેળવી શકાય. તેનાથી નેક્સ્ટ જનરેશન ઈનોવેશનને પ્રોત્સાહન મળશે,



જેને ઝડપથી બજારમાં લઈ જઈ શકાશે એમ મુખ્યમંત્રીશ્રીને આ મુલાકાત દરમ્યાન જણાવવામાં આવ્યું હતું.

આ અવસરે મુખ્યમંત્રીશ્રીએ બેઠક યોજીને i-Createની ભાવિ યોજનાઓની સમીક્ષા કરી અને i-Create સમર્થિત અનેક સ્ટાર્ટઅપ્સ સાથે સંવાદ કરી તેમને પ્રેરણા આપી હતી.

મુખ્ય સચિવ શ્રી પંકજકુમાર, ઉદ્યોગ કમિશનર શ્રી રાહુલ ગુપ્તા, i- create ફાઉન્ડીગ ટીમની મેમ્બર સભ્યશ્રી કે.થયાગરંજન, શ્રી એમ.સી.ગુપ્તા, બિઝનેસ હેડ રાજીવ બોઝ, એડમિનિસ્ટ્રેશન હેડ શ્રી વિજય નાયર, માર્કેટિંગ હેડ પાયલ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

## પ્રજાસત્તાક દિન નિમિત્તે આમ આદમી પાર્ટી દ્વારા અમદાવાદ ખાતે રક્તદાન શિબિરનું આયોજન



૭૩માં પ્રજાસત્તાક દિન નિમિત્તે આમ આદમી પાર્ટીના શિક્ષણ સેલ અને પ્રથમાં ના સંયુક્ત ઉપક્રમે થેલેસેમિયાગ્રસ્ત બાળકો માટે રકતદાન કેમ્પનું આયોજન કરવામાં આવેલ હતું જેમાં

મોટી સંખ્યામાં આમ આદમી પાર્ટીના કાર્યકરો અને સ્થાનિક રહેવાસીઓએ રક્તદાન કરેલ હતું.આ કેમ્પમાં અમદાવાદ શિક્ષણ સેલના પ્રમુખ શ્રી ભાવેશભાઈ રાઠોડ તથા ગાંધીનગર શિક્ષણ સેલના પ્રમુખ શ્રી અભિષેક વેગડા દ્વારા રક્તદાન કરી કાર્યકરોના ઉત્સાહમાં વધારો કર્યો હતો.

### સમસ્ત મહાજન દ્વારા મહારાષ્ટ્રનાં પશુપાલન મંત્રી સુનીલ કેદારજીની મુલાકાત લેવાઈ

## મહારાષ્ટ્રની તમામ ગૌશાળા પાંજરાપોળોનાં પશુધન માટે પ્રતિદિન ૫૦ રૂપિયાની સબસીડી આપવા અંગે આવેદન અપાયું

પરદુઃખે ઉપકાર કરવો એ માનવ જીવનને સાર્થક કરવાની પહેલી શરત છે. સમસ્ત મહાજનનાં અગણિત સેવાકાર્યનાં પાયામાં આ શુધ્ધ ભાવના, ગુરૂદેવોની પરમ કૃપા, સાધુ-સાધ્વી ભગવંતોનાં આશીર્વાદ તથા માર્ગદર્શન, દાતાઓનો સબળ સાથ અને ટ્રસ્ટીઓ, કાર્યકર્તાઓનો સેવા કરવાનો અખૂટ ઉત્સાહ સમાયાં છે. કોરોના વાઈરસે સર્જેલી અકલ્પનીય પરિસ્થિતિ અને લોકડાઉનથી લઈને હમણાંનાં અનલોકનાં સમય સુધી સમસ્ત મહાજને જે સુકૃતો કર્યા છે એ અસાધારણ અને ખરા અર્થમાં અનુમોદનીય છે. સમસ્ત મહાજનનાં નામથી આખો દેશ પરિચિત છે. સેવાની વાત આવે, પરોપકારની વાત આવે કે વાત આવે અનુકંપા અને જીવદયાની, સમસ્ત મહાજન દરેક મોરચે ઉત્કૃષ્ટ કાર્યો કરતી આશીર્વાદરૂપ સંસ્થા બની છે. કોરોનાની મહામારીનાં કારણે લોકોનાં ધંધા રોજગાર પર ખુબ ઊંડી અસરો પડી છે, ઘણા લોકોને બે સમયનું ભોજન પણ ન મળે ત્યાં સુધીની તેમની આર્થિક સ્થતિ ખરાબ થઈ છે. કોરોના મહામારી સર્જાતા જેટલી તકલીફો મનુષ્યને પડી છે એટલી જ અથવા એનાથી પણ વધુ પશુ, પક્ષી, પ્રાણીઓ હેરાન થયા છે. તેમની સાર સંભાળ કરવામાં ખુબ જ મુશ્કેલી પડી છે. ખાસ કરીને જે લોકો સતતને સતત જીવદયા-ગૌસેવા સાથે સંકળાયેલા છે તેમને સેવાકીય કાર્યો કરવામાં તકલીફ પડી રહી છે. એવે સમયે સમસ્ત મહાજન ફરી એક વખત લોકોની સેવા કરવા માટે રસ્તો શોધી કાઢ્યો છે.

વૈશ્વીક સ્તરે જળ, જન, જંગલ, જમીન, જનાવરની સુખાકારી માટે કાર્યરત સેવા સંસ્થા 'સમસ્ત મહાજન' નાં ટ્રસ્ટી ગિરીશભાઇ શાહ અને ટીમ દ્વારા મહારાષ્ટ્ર સરકારનાં પશુપાલન મંત્રી સુનીલ કેદારજીની મુલાકાત લેવાઈ હતી. મહારાષ્ટ્રની ૧૧૦૦થી વધુ ગૌશાળા-પાંજરાપોળોને મજબુત બનાવવા તેમજ અબોલ પશુઓનાં છાણ(ગોબર)થી થતાં ઓર્ગેનિક ફાર્મિંગને કેવી રીતે પ્રોત્સાહન આપવું એ અંગે ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી. ઉપરાંત મંત્રીજીને સમસ્ત મહાજનનાં ટ્રસ્ટી ગિરીશભાઇ શાહ, પરેશભાઈ શાહ, ગિરીશભાઈ સત્રા, ગોયમ ઓર્ગેનિકનાં રિષભ શાહએ મહારાષ્ટ્રની તમામ ગૌશાળા પાંજરાપોળોનાં પશુધન માટે પ્રતિદિન ૫૦ રૂપિયાની સબસીડી આપવાનું આવેદન પણ આપ્યું હતું બદલાયેલા આર્થિક સંજોગોને લઈને તેમજ મોંઘવારી, દાનના ઘટતા જતા પ્રવાહ, પશુઓની વધતી સંખ્યા વગેરે કારણોસર દિનપ્રતિદિન ગૌશાળા—પાંજરાપોળોનો નિર્વાહ કરવો દુર્ગમ થતો ગયો છે ત્યારે ઉત્તરપ્રદેશ સરકાર, રાજસ્થાન સરકાર અને ભારતના અન્ય રાજયોની જેમ મહારાષ્ટ્ર સરકાર દ્વારા પણ ગૌશાળા—પાંજરાપોળોને પશુ દિઠ દૈનિક, કાયમી સબસીડી આપવાની વિનંતી કરવામાં આવી હતી જેના થકી ભવિષ્યમાં રખડતા પશુઓના પ્રશ્નનું પણ નિરાકરણ થઈ શકે. સિક્કિમની જેમ જ મહારાષ્ટ્રને પણ ઓર્ગેનીક સ્ટેટ બનાવવા માટે કેમીકલ ફર્ટીલાઈઝર અને કેમીકલ જંતુનાશકને પ્રાપ્ત થતી સબસીડી તાત્કાલીક બંધ કરવા અનુરોધ કરાયો હતો. સમસ્ત મહાજનની સમગ્ર ટીમ દ્વારા ગૌશાળા/પાંજરાપોળોને સ્વાવલંબન તરફ વાળવા, ગૌ આધારીત સંસ્કૃતીનું પુનઃસ્થાપન, ગૌચર વિકાસ, ગૌ આધારીત કૃષિ-આરોગ્ય, ગૌચરનું નવ નિર્માણ, પર્યાવરણર્થે જનજાગરણ, ગૌપાલન, દેશીકૂળના ગૌ સંવર્ધનને પ્રોત્સાહન સહિતના અનેકો મુદ્દા ઉપર વિસ્તૃત, પ્રેકટીકલ અને દૃષ્ટાંતો સહિત પરીણામલક્ષી દિર્ઘ ચર્ચાઓ થઈ હતી. મહારાષ્ટ્ર સ્ટેટ એનિમલ વેલફેર બોર્ડને પણ કાર્યાન્વિત કરવા અંગે પણ માનનીય મંત્રીશ્રીને સમસ્ત મહાજનનાં ગિરીશભાઈ શાહ દ્વારા કરાઈ હતી. ગૌહત્યા, જીવહત્યા અટકાવવા માટે પણ વિસ્તૃત ચર્ચાઓ કરવામાં આવી હતી. સમગ્ર મુલાકાત અંગે મુંબઈનાં લોકપ્રિય અને જીવદયા પ્રેમી વિધાનસભ્ય મંગલ પ્રતાપ લોઢાજીનો સુંદર સહકાર મળ્યો હતો તેમ સમસ્ત મહાજનનાં મિત્તલ ખેતાણીની યાદીમાં જણાવાયું છે.

## લક્ષ્ય દ્વિપ ટાપુ સમૂહની ભુમિ પર મોરારિબાપુ એ ફરકાવ્યો તિરંગો



આજનાં પ્રસંગે બાપુએ જણાવ્યું હતુ કે કોઈ મને પૂછે કે આપની દ્રષ્ટિએ રાષ્ટ્ર ધ્વજ ના ત્રણ રંગ છે એની શું વ્યાખ્યા હોઈ શકે તો હું એનો સાત્વિક તાત્વિક અને વાસ્તવિક અર્થ એવો કરીશ કે ઉપરનો જે ભગવો રંગ છે એ સત્ય નું પ્રતિક છે. સત્ય સૌથી ઉપર છે. વચ્ચે નો શ્વેત રંગ છે એ પ્રેમનું પ્રતિક છે. પ્રેમ ઉજ્જવળ હોય છે અને નિષ્કલંક હોવો જોઈએ. અંતમાં જે નીચેનો લીલો રંગ છે એ પુરી વનસ્પતિ લીલા રંગની છે. ધરતીને એટલે તો આપણે હરીભરી કહીએ છીએ. લીલો રંગ કરુણાનું પ્રતિક છે. આપણાં ધ્વજની વચ્ચે જે ચક્ર છે તેનો કોઈ ગલત અર્થ ન કરે પણ આપણા દેશ નું વિશ્વમાં સુદર્શન છે સુંદર દર્શન છે કે આ રાષ્ટ્ર કેટલું સુંદર છે, મહાન છે ! આજનાં આ પવિત્ર દિવસે તમામ ભારતવાસીઓને શુભેચ્છા પાઠવું છું. આ ઝંડો કાયમ માટે વિશ્વમાં ફરકતો રહે અને ઊંચો રહે તેવી શુભકામના પાઠવું છું. અત્રે એ ઉલ્લેખનીય છે કે બાપુની રામકથા જ્યાં પણ યોજાય છે ત્યાં નવ દિવસ માટે રાષ્ટ્રધ્વજ કથા મંડપ પર ફરકતો રહે છે. ભારતમાં કે વિશ્વમાં ક્યાંય પણ રામકથા ચાલતી હોય ત્યારે પ્રતિ વર્ષ ૧૫ ઓગસ્ટ અને ૨૬ જાન્યુઆરી એ પણ સૌ સાથે મળીને રાષ્ટ્રની વંદના અચૂક કરતા રહ્યા છે . એ પછી ચીન હોય અમેરિકા હોય બ્રિટન હોય કે બીજા કોઈ દેશ હોય કે ભારતમાં કોઈ પ્રાંત હોય. બાપુ અને રામકથાના શ્રોતાઓ દ્વારા રાષ્ટ્ર વંદના અચૂક કરવામાં આવી છે.

જયદેવ માંકડ

### હ્રદય કંપાવી દે તેવો બનાવ ....વિધાતા એ કેવા લખ્યા લેખ...

## પાટણના વરાણામાં દિકરીના લગ્નની કંકોત્રી પણ છંપાઈ ગઈ ને અકસ્માતમા ભાઇ બહેન નું કમકમાટીભર્યુ મોત

બનાસકાંઠા બ્યુરો

રિપોર્ટ : દીલીપ ગોહીલ

વિધાતા ક્યારેક એવા લેખ લખે છે, જેમાં કોઈપણ મેખ ન મારી શકે. ખરેખર આજે ન્યુઝ ઓફ ગાંધીનગર આપને એક એવો કરુણદાયી કિસ્સો જણાવશે જેના વિશે જાણીને તમારી આંખમાંથી આંસુઓ આવી જશે. હવે તમેં જાતે જ વિચાર કરો કે વ્હાલસોયી દીકરીના લગ્ન હોય અને લગ્ન પહેલા દીકરી અને દીકરા નુ મુત્યુ થઈ જાય તો એ ઘરની હાલાત કેવી હશે? હાલમાં એક ઘરમાં દુઃખ ભર્યુ વાતાવરણ છવાઈ ગયું છે. હાલમાં જ સુત્ર દ્વારા જાણવા મળ્યું છે કે, પાટણના વરાણા ગામ નજીક મોડી સાંજે ખાનગી બસ અને અલ્ટોકાર વચ્ચે અકસ્માત થયેલ.જેમાં રાધનપુ તરફથી આવી રહેલ અલ્ટો કારમાં પરિવારના છ જેટલા સભ્યો સવાર હતા અકસ્માતમાં ઘટના સ્થળે અલ્ટોકારમાં સવાર ૧,નિકુલ



કાન્તિભાઈ સોલંકી અને ૨,હેતલ કાન્તિભાઈ સોલંકી એમ બે ભાઈ બહેનના ઘટના સ્થળે કમકમાટી ભર્યા મોત નિપજયા હતા.

ઈજાગ્રસ્ત લોકોને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.આ ઘટના બનતા જ સ્થાનિકો પણ ઘટના સ્થળે પોહચી ગયા હતા.આ અકસ્માત ને કારણે લગ્નનો અવસર માતમ માં ફેરવાઈ ગયોઅને સોલંકી પરિવાર પર દુઃખનું આભફાટી પડ્યું.સૂત્ર મુજબ જાણવા મળ્યું કે, તા ૧૦॰૨॰૨૦૨૨ ના રોજ તો સામે પક્ષેથી જાન આવવાની હતી પરંતુ કાળમુખા અકસ્માતને કારણે હેતલની ડોલી ઉઠે એ પહેલાં અર્થી ઉઠાવવાની નોબત આવી.

ખાનગી બસ વચ્ચે એટલું ભયંકર અકસ્માતબન્યું હતું કે ખાનગી બસ, અલ્ટોકાર સાથે અથડાતા કારના આગળના ભાગે બેઠેલ બન્ને ભાઈ બહેનમાં મૃતદેહ ને બહાર કાઢવા માટે જેસીબી નો સહારો લેવો પડ્યો હતો અને જેસીબી દ્વારા બન્ને મૃતદેહો ને બહાર કઢાયા હતા. શંખેસ્વરના ટુવડ ગામનું સોલંકી પરિવાર નિ વહાલસોઇ દીકરી હેતલના લગન ના અવસર ના હરખ સાથે તૈયારી કરી રહ્યું હતું એવામાં સમીના વરાણા નજીક સાંજના સુમારે અકસ્માત ની ઘટનામાં દીકરી હેતલ અને દીકરા નિકુલના મોતના સમાચાર સાંભળી પરિવાર પર દુઃખનું આભફાટી પડ્યું અને પરિવાર સાથે સ્નેહીજનો અને સમગ્ર ગામમાં ગમગીન માહોલ છવાઈ ગયો હતો.

## ગાંધી પીસ ફાઉંડેશન નેપાલ અને મહાત્મા ગાંધી સાહિત્ય મંચ ગાંધીનગર દ્વારા ગણતંત્ર દિવસે રાષ્ટ્રીય રંગ રેલાયા

ગાંધી પીસ ફાઉંડેશન નેપાલ ના તત્વધાન માં મહાત્મા ગાંધી સાહિત્ય સેવા મંચ પર ગણતંત્ર દિવસ ના રોજ રાષ્ટ્રીય ઑન લાઈન હિન્દી કવિ સંમેલન આયોજિત કરવામાં આવ્યું હતું. જેમાં સરસ્વતી વંદના પ્રો ડૉ મનીષા ગીરી દિલ્લી દ્વારા પ્રસ્તુત કરવામાં આવી હતી,.

આ કાર્યક્રમ માં મુખ્ય અતિથિ તરીકે મમતા સિંઘ અધ્યક્ષા સોશિયલ એંડ મોટિવેસનલ દિલ્લી અને વિશિષ્ટ અતિથિ તરીકે ગાંધી પીસ ફાઉંડેશન નેપાલ ના અધ્યક્ષ શ્રી લાલબહાદુર રાણા ઉપસ્થિત રહ્યા હતા તેઓનું શાબ્દિક સ્વાગત મહાત્મા ગાંધી સાહિત્ય સેવા સંસ્થા ગાંધીનગર ના રાષ્ટ્રીય અધ્યક્ષ ડૉ ગુલાબચંદ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું

આ કાર્યક્રમ માં કુલ મળીને ૭૫ કવિઓ એ રાષ્ટ્ર પ્રેમ ના રંગ ગણતંત્ર દિવસ નિમિતે રેલાવ્યા હતા. આ કાર્યક્રમ માં રાષ્ટ્રીય અધ્યક્ષ ડૉ ગુલાબચંદ પટેલ દ્વારા હિન્દી માં રાષ્ટ્ર પિતા મહાત્મા ગાંધી વિશે પોતાની રચના હિન્દી માં પ્રસ્તુત કરી હતી. આ કાર્યક્રમ નું સંચાલન શ્રીમતી નલિની શર્મા પ્રસિધ્ધ કવિયિત્રી અમદાવાદ દ્વારા કરવામાં આવ્યું હતું

આ કાર્યક્રમ માં આભાર દર્શન એડવોકેટ શ્રી કાંતિભાઈ પટેલ ખચાનચી ગાંધી સાહિત્ય સેવા સંસ્થાન ચેરીટ્રે બલ ટ્રસ્ટ ગાંધી નગર દ્વારા કરવામાં આવ્યું હતું અંત માં રાષ્ટ્ર ગીત જન ગણ મન પ્રસ્તુત કરવામાં આવ્યું હતું અને ત્યારબાદ કાર્યક્રમ ને પૂર્ણ ઘોષિત કરવામાં આવ્યો હતો.

ડૉ ગુલાબચંદ પટેલ
રાષ્ટ્રીય અધ્યક્ષ
મહાત્મા ગાંધી સાહિત્ય સેવા સંસ્થા ગાંધીનગર

## થરાદની સગીરાને ફેસબુક પર પ્રેમ ભારે પડ્યો સુરતના યુવકે થરાદ આવી સગીરા સાથે દુષ્કર્મ આચર્યુ

બનાસકાંઠા બ્યુરો

રિપોર્ટ : દીલીપ ગોહીલ

થરાદ પંથકની એક સગીરાને ફેસબુક પર અજાણ્યા યુવક સાથે પરિચય થતાં સુરતથી યુવક તેણીને મળવા થરાદના ગામ સુધી આવી ગયો હતો અને તેણે તેણી સાથે શારીરિક સંબંધ પણ બાંધ્યો હતો. પોલીસે યુવક સામે દુષ્કર્મ અને પોસ્કોની જોગવાઇ મુજબ ગુનો દાખલ કરી વધુ કાર્યવાહી હાથ ધરી હતી.

થરાદ ગામની એક સગીરા પોતાના ગામના એક ખેડૂતના ખેતરમાં સુરતના એક અજાણ્યા યુવક સાથે રાયડાના વાવેતરમાં જોવા મળી હતી. આથી ખેડૂતે જોઇ જતાં શાળાના શિક્ષકને જાણ કરી હતી. આથી સગીરાને તાવ આવી જતાં શિક્ષકે તેણીના પિતાને



શાળામાં બોલાવી ઉપરોક્ત ઘટનાની વાત કરી હતી.

આથી પરિવારે સગીરાની કડકાઈથી પુછપરછ કરતાં તેણીએ મૂળ મધ્યપ્રદેશના અને હાલ સુરત રહેતા સુરેન્દ્ર પરસારમ શ્રીવાસ (રાજપુત) સાથે ફેસબુકમાં પરિચય થયો હોવાનું જણાવ્યું હતું. ત્યારબાદ બંન્નેએ એકબીજાનો મોબાઈલ નંબર લીધો હતો અને વૉટસએપ તેમજ ફોનથી વાત ચાલુ કરતાં બંન્ને વચ્ચે પ્રેમસંબંધ બંધાયો હતો. વાતચિત દરમિયાન તા.૧૯ જાન્યુઆરી-૨૦૨૨ના રોજ મળવા આવવાનું નક્કી થતાં તે યુવક સુરતથી છેક સગીરાના નજીકના ગામના પાટીયા પાસે આવ્યો હતો.

આથી સગીરા અને યુવક બંન્ને જણાએ એક ખેતરમાં રાયડાના વાવેતરમાં જઈને વાતો કરી હતી. જ્યાં યુવકે તેણી સાથે શરીર સંબંધ પણ બાંધ્યો હતો. વાતો કરતી વખતે ખેતરવાળા જોઈ જતાં ભાંડો ફુટ્યો હતો. જોકે, સગીરા જતી રહી હતી. પરંતુ યુવક પકડાઇ ગયો હતો. પરિવારે આ અંગે થરાદ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે યુવક સામે આઇપીસી કલમ ૩૭૬ (૩) તથા પોક્સો એક્ટ કલમ ૪ સહિતની કલમ મુજબ ગુનો દાખલ કરી વધુ કાર્યવાહી હાથ ધરી હતી.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.